નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date 19 DECEMBER 2024 | THURSDAY | Page :8 | Year : 2 | Issue :220 | Price: 2/-


સામના મિરર

ટ્રાફિક નિયમનો ભંગ કરનારને સીધા જેલ હવાલે કરવા ગૃહમંત્રી હર્ષ સંઘવીનો આદેશ

ટ્રાફિક નિયમનો ભંગ કરનારને સીધા જેલ હવાલે કરવા ગૃહમંત્રી હર્ષ સંઘવીનો આદેશ

જુઓ પેજ નં.૫

# 48 કલાક સૌરાષ્ટ્ર બનશે ઠંડુગાર

## રાજકોટ-પોરબંદરમાં કોલ્ડવેવ અને ઠંડીનું યલ્લો એલર્ટ જાહેર, કચ્છમાં ઠંડીનું જોર ઘટશે



અમદાવાદઃ ગુજરાતના જુદા-જુદા વિસ્તારોમાં ઠંડીના પ્રમાણમાં વધઘટ નોંધાઈ રહી છે. ક્યાંક તાપમાનનો પારો નીચે ગગડતો જાય છે ને ઠંડી તેના જૂના રેકોર્ડ પણ તોડી રહી છે તો ક્યાંક ઠંડીનું પ્રમાણ એકદમ નહિવત છે. હવામાન વિભાગે આવતીકાલે સૌરાષ્ટ્રના જુદા-જુદા જિલ્લાઓમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરી છે અને તેમાં પણ રાજકોટ અને પોરબંદરમાં કોલ્ડવેવ અને ઠંડીનું યલ્લો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તદુપરાંત ઉત્તર અને મધ્યમ ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રી વધારો થશે. જોકે, કચ્છમાં આગામી સમયમાં ઠંડીનું જોર ઘટશે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હાલ ઉત્તર ભારતમાં સ્થિત કાશ્મીર અને હિમાચલ પ્રદેશથી ઠંડા પવન ગુજરાત તરફ આવી રહ્યા છે, જે રાજ્યમાં ઠંડીનું પ્રમાણ હજુ પણ વધશે એવો નિર્દેશ આપી રહ્યા છે. સતત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ઉતર ભારતના ભાગોમાં ઠંડી અને હિમવર્ષાનું પ્રમાણ પણ આ વર્ષે સારી માત્રામાં રહ્યું છે. બીજી તરફ રાજસ્થાન અને પાકિસ્તાનમાં વાતાવરણના ઉપલા સ્તરમાં એન્ટી સાઈસર રચાયું છે, જેના કારણે વાતાવરણમાંથી ભેજનું પ્રમાણ ખેંચાઈ રહ્યું છે, જેની અસર કચ્છ સુધી પણ પહોંચી છે. આ એન્ટી સાઈસરની અસરના કારણે જ કચ્છમાં તાપમાનનું પ્રમાણ વધ્યું છે અને ઠંડીનું જોર ઘટ્યું છે. જોકે, આ એન્ટી સાઈસરની અસર ઉત્તર ભારતને થઈ નથી. ઉત્તર ભારતના ઠંડા પવનો સૌરાષ્ટ્ર તરફ આવી રહ્યા છે, જેથી સૌરાષ્ટ્રના જિલ્લાઓના લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સમાં ઘટાડો નોંધાઈ શકે છે.

# મુંબઈના દરિયામાં ફેરી બોટ ઉથલીઃ ૧૩નાં મોત

## સ્પીડ બોટ કાબૂ ગુમાવી એલિફન્ટા કેવ્ઝ જતી ૮૦થી વધુ પ્રવાસીઓ સાથેની ફેરી સાથે અથડાઈઃ મધ દરિયે ચીસાચીસ વચ્ચે નેવી-કોસ્ટગાર્ડનું ઓપરેશન

મુંબઈ : મુંબઈમાં નેવીની સ્પીડ બોટે આજે દરિયામાં એલિફન્ટાની ગુફાઓ તરફ જઈ રહેલી પેસેન્જર ફેરી બોટને ટક્કર મારતાં ભરદરિયે સર્જાયેલા અકસ્માતમાં ૧૩ લોકો મૃત્યુ પામ્યા હતા જ્યારે અન્ય ૧૦૦થી વધુનો બચાવ કરાયો હતો. જોકે, બચી ગયેલા લોકોન બોટમાં પટકાવા કે દરિયાનું પાણી જવાથી અસર થવાને કારણે જુદી જુદી હોસ્પિટલોમાં ખસેડાયા છે. સમગ્ર બનાવ અંગે નેવી તથા મહારાષ્ટ્ર સરકારે તપાસના આદેશો આપ્યા છે. મૃતકોમાં નેવીના કર્મચારીઓ તથા



સહેલાણીઓનો સમાવેશ થાય છે. બચી ગયેલા ચારની હાલત અતિશય ગંભીર હોવાનું જણાવાયું હતું. બચાવાયેલા લોકોમાં વિદેશી સહેલાણીઓ પણ સામેલ હોવાનું જણાવાયું હતું. મુંબઈના પ્રખ્યાત ગેટવે ઓફ ઈન્ડિયામાં હજારોની સંખ્યામાં દરરોજ પર્યટકો આવે છે. જેથી આ વિસ્તારમાં દરરોજ ભારે ભીડ હોય છે. અહીંથી એલિફન્ટાની ગુફાઓ જવા માટે તથા અલીબાગ જવા માટે ફેરી બોટો ઉપડે છે. એક ફેરી બોટમાં સોથી દોઢસો લોકો પ્રવાસ કરતા હોય છે.



તંત્રી લેખ
-રાજેશ યુ. બગડાઈ

# ઉત્તર-પૂર્વનાં રાજ્યો પર મોટો ખતરો




મ્યાંમારમાં ચીનની પ્રાઈવેટ આર્મીની હાજરી ભારત માટે સારો સંકેત નથી. મ્યાંમારની સરહદ ભારત અને બાંગ્લાદેશ બંનેને સ્પર્શે છે. ભૂતકાળમાં ભારતનાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં આતંકવાદ ફેલાવવા માટે મ્યાંમારની ભૂમિનો ઉપયોગ થયો હતો. આસામને ભારતથી અલગ કરવાનાં દિવાસ્વપન જોતાં પરેશ બરૂઆ સહિતના ઉલ્ફાના આતંકવાદીઓ મ્યાંમારમાં ધામા નાંખીને પડયા રહેતા અને ત્યાં આતંકવાદી કેમ્પ ચલાવતા હતા. મ્યાંમાર, ભારત અને બાંગ્લાદેશના ત્રિભેટે આવેલા જંગલ વિસ્તારમાં આ આતંકવાદી કેમ્પ ચાલતા હતા. ભારતે ૨૦૧૬માં પહેલી સર્જિકલ સ્ટ્રાઈક આ જ વિસ્તારમાં કરી હતી. ચીનનું પ્રાઈવેટ આર્મી આ આતંકવાદી કેમ્પોને પાછા સક્રિય કરીને ભારતની મેથી મારી શકે છે.

બાંગ્લાદેશમાં શેખ હસીનાને સત્તામાંથી ખદેડી મૂક્યા પછી કટ્ટરવાદીઓ ચડી બેઠા તેના કારણે ભારતની હાલત ખરાબ છે. બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓને પાકિસ્તાન થાબડી રહ્યું છે ને પાકિસ્તાન તો પહેલેથી ચીનના ખોળામાં બેઠેલું છે તેથી ચીન પણ તેમને મદદ કરી રહ્યું છે. હમણાં નેપાળ પણ ચીનની બગલમાં ભરાયું છે ત્યાં હવે ભારતના બીજા પાડોશી દેશ મ્યાંમારમાં પણ ચીનની એન્ટ્રી થતાં ભારતની જમીન સરહદે બધા દેશોમાં ચીનનો પગપેસારો થઈ ગયો છે.

મ્યાંમારમાં લશ્કરી શાસન છે અને આંતરવિગ્રહની સ્થિતી છે. એક તરફ ફરી લોકશાહી સ્થાપના માટે નોબલ પ્રાઈઝ વિજેતા આંગ સુ કીની આંદોલન ચલાવી રહી છે ત્યારે બીજી તરફ આરાકાન આર્મી મ્યાંમારમાંથી અલગ રાષ્ટ્ર માટે લડી રહી છે. આરાકાન આર્મી બૌધ્ધધર્મીઓની બનેલી છે અને તેમાં રોહિંગ્યા મુસલમાનો પણ છે. કટ્ટરવાદી મુસ્લિમો રોહિંગ્યાઓને મુસલમાન જ નથી ગણતા તેથી બૌધ્ધધર્મીઓએ તેમને પોતાની સાથે લીધા છે. મ્યાંમારમાં સશસ્ત્ર દળોને તત્મદવ કહે છે. આરાકાન આર્મીએ ચોતરફથી હુમલા કરીને તત્મદવની હાલત બગાડી નાંખી છે તેથી લશ્કરી સરમુખત્યાર મિન ઔંગ હ્રેઈંગ ચીનના શરણે ગયા છે.

મ્યાંમારમાં અમેરિકાને પણ રસ છે. અમેરિકા મ્યાંમારમાં લોકશાહીની સ્થાપના માટેન આંદોલનને મદદ કરે છે તેથી ચીન પોતાના લશ્કરને મોકલીને અમેરિકા સામે સીધી ટક્કર લેવા નથી માગતું પણ અમેરિકા ફાવી જાય એમ પણ નથી ઈચ્છતું કેમ કે મ્યાંમાર વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વનું છે. આ કારણે ચીને સીધું પોતાનું લશ્કર મોકલવાના બદલે પ્રાઈવેટ આર્મી મોકલવાનું નક્કી કરતાં ભારતની હાલત ખરાબ થવાના અણસાર છે.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને વેંગનર ગ્રુપ નામે પોતાનું પ્રાઈવેટ આર્મી બનાવેલું એ રીતે શી જિનપિંગે પણ ચીનનાં પ્રાઈવેટ આર્મી બનાવેલાં છે. ચીનમાં લશ્કર પણ ચીનની સરકારનું નહીં પણ સામ્યવાદી પાર્ટીનું છે. જિનપિંગે બનાવેલાં પ્રાઈવેટ આર્મીમાં પણ સામ્યવાદી પક્ષના કાર્યકરો જ છે કે જેમને ચીનની સરકાર તરફથી તમામ પ્રકારની સહાય મળે છે.

ચીન પોતે સીધી લશ્કરી દખલગીરી ના કરી શકતું હોય એવા દેશોમાં પોતાના પ્રાઈવેટ આર્મીના સૈનિકોને મોકલે છે. ચીન આ રીતે પહેલાં પાકિસ્તાન અને શ્રીલંકામાં પોતાનું પ્રાઈવેટ આર્મી મોકલી ચૂક્યું છે. પાકિસ્તાનમાં તો હાલમાં પણ આ પ્રાઈવેટ આર્મી કામ કરે જ છે.

સ્વાભાવિક રીતે જ મ્યાંમારમાં ચીનની પ્રાઈવેટ આર્મીની હાજરી ભારત માટે સારો સંકેત નથી. મ્યાંમારની સરહદ ભારત અને બાંગ્લાદેશ બંનેને સ્પર્શે છે. ભૂતકાળમાં ભારતનાં ઉત્તર-પૂર્વનાં રાજ્યોમાં આતંકવાદ ફેલાવવા માટે મ્યાંમારની ભૂમિનો ઉપયોગ થયો હતો. આસામને ભારતથી અલગ કરવાનાં દિવાસ્વપન જોતાં પરેશ બરૂઆ સહિતના ઉલ્ફાના આતંકવાદીઓ મ્યાંમારમાં ધામા નાંખીને પડયા રહેતા અને ત્યાં આતંકવાદી કેમ્પ ચલાવતા હતા. મ્યાંમાર, ભારત અને બાંગ્લાદેશના ત્રિભેટે આવેલા જંગલ વિસ્તારમાં આ આતંકવાદી કેમ્પ ચાલતા હતા. ભારતે ૨૦૧૬માં પહેલી સર્જિકલ સ્ટ્રાઈક આ જ વિસ્તારમાં કરી હતી. ચીનનું પ્રાઈવેટ આર્મી આ આતંકવાદી કેમ્પોને પાછા સક્રિય કરીને ભારતની મેથી મારી શકે છે. ચીનનો મ્યાંમારમાં પગપેસારો ભારત માટે બીજી રીતે પણ ખતરનાક છે. ચીન ભારતના પાડોશી ભૂતાન સુધી પહોંચી ગયું છે અને ડોકલામ વિસ્તારમાં ઘૂસણખોરી કરી જ છે. મ્યાંમારમાં ઘૂસણખોરી દ્વારા ચીન ભારતને બે તરફથી ભિડાવી શકે છે

# રાજસ્થાનમાં ફિલ્ડ ફાયરીંગ રેન્જમાં તોપ પરીક્ષણ દરમિયાન વિસ્ફોટ :બે જવાન શહીદ

બિકાનેર, તા. ૧૮

રાજસ્થાનના બિકાનેરમાં મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં તોપના પરીક્ષણ વખતે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. આ દરમિયાન બોમ્બ બ્લાસ્ટ થવાની માહિતી મળી રહી છે. આ દુર્ઘટનામાં બે સૈનિકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા હતા અને એક જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો.



માહિતી અનુસાર આ દુર્ઘટના મહાજન ફિલ્ડ ફાયરિંગ રેન્જના નોર્થ કેમ્પમાં ચાર્લી સેન્ટર ખાતે સર્જાઈ હતી. દુર્ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત જવાનને સુરતગઢની મિલિટ્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

બુધવારે બિકાનેરના મહાજન થાના વિસ્તારમાં આવેલા સૈન્યના ફિલ્ડ ફાયરિંગ રેન્જમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. જ્યાં પ્રેક્ટિસ દરમિયાન કોઈ ભૂલને કારણે અચાનક બોમ્બ ફાટ્યો હતો. આ દુર્ઘટનામાં બે જવાનો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા. જોકે એકની હાલત ગંભીર છે.

# ડો. આંબેડકર અંગે અમિત શાહના વિધાનો પર સંસદમાં ધમાલ રાજીનામા - માફીની માંગ

**રાજ્યસભામાં ગઈકાલે ચર્ચા દરમ્યાન કોંગ્રેસ પરના આક્ષેપો સમયે ગૃહ મંત્રીએ દેશના બંધારણના ઘડવૈયાનું યોગદાન અવગણવા કોશીશ કરી છે સંસદ બહાર પણ દેખાવો**



નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ ગઈકાલે રાજ્યસભામાં બંધારણ પરની ચર્ચા દરમિયાન ડો. બાબાસાહેબ આંબેડકર અંગે કરેલા વિધાનનો વિવાદ ચગ્યો છે અને વિપક્ષોએ આજે આ મુદ્દે સંસદના બન્ને ગૃહોના કામકાજ ખોરવ્યા હતા તો કોંગ્રેક પ્રમુખ મલ્લીકાર્જુન ખડગેએ અમિત શાહના રાજીનામામાં તથા તેઓ દેશની માફી માગે તેવી માંગણી કરી છે.

શાહએ તેમના પ્રવચન દરમ્યાન કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા ને તે સમયે એવું વિધાન કર્યું હોવાનું માનવામાં આવે છે કે કોંગ્રેસ આંબેડકર..... આંબેડકર કરે છે પરંતુ જો આટલા વખત ભગવાનનું નામ લે તો તેની સાત જન્મ સુધી સ્વર્ગ મળી જાય.

કોંગ્રેસે તેના પર વિરોધ દર્શાવતા કહ્યું કે, અમિત શાહએ આ રીતે દેશના બંધારણના ઘડવૈયા ડો. આંબેડકરની ભૂમિકાને ઓછી આંકવા પ્રયત્ન કર્યો છે. બાબાસાહેબની જે રીતે દેશને મહાન બંધારણની ભેટ ધરી તે બદલ તેમને ભાજપ કે આરએસએસ યોગ્ય સન્માન આપતું નથી તે નિશ્ચિત થયું છે.

આ અંગે આજે કોંગ્રેસે રાજ્યસભામાં સભા મોકુફીની દરખાસ્ત આપીને અમિત શાહના વિધાનો પર ચર્ચાની માંગણી કરી હતી. કોંગ્રેસના સાંસદ માનીકમ ટાગોરે તેમની આ નોટીસ અંગે અધ્યક્ષ સમક્ષ રૂલીંગની માંગણી કરી હતી. તો બીજી તરફ કોંગ્રેસના સભ્યોએ સંસદ બહાર પણ અમિત શાહ સામે ધરણા-દેખાવો કર્યા હતા. જો કે ભાજપે વળતા પ્રહારમાં ભૂતકાળમાં કોંગ્રેસે ડો. આંબેડકરને ચૂંટાતા બે વખત રોક્યા હોવાનો આક્ષેપ કર્યો હતો અને તેમને કાનૂન મંત્રાલય છોડવું પડે તેવી પણ સ્થિતિ બનાવી હતી. આ મુદ્દે આજે બંને ગૃહોમાં ધમાલ બાદ લોકસભા અને રાજ્યસભા મુલત્વી રહ્યા છે.

# ખેડૂતો ફરી વિફર્યા, ફાટક પર ધરણાં કરી અનેક ટ્રેનો અટકાવી, 30 ડિસેમ્બરે પંજાબ બંધની જાહેરાત



ખેડૂતો પોતાની માગને લઈને છેલ્લા ઘણા સમયથી પ્રદર્શન કરી રહ્યાં છે. કેન્દ્ર પર દબાણ બનાવા માટે આજે બુધવારે ખેડૂતોએ ત્રણ કલાકના 'ટ્રેન રોકો' વિરોધ પ્રદર્શનમાં ફાટક પર ધરણાં કરીને અનેક ટ્રેનો અટકાવી. સંયુક્ત કિસાન મોરચા ()અને કિસાન મજદૂર મોરચા દ્વારા ટ્રેન રોકોનું આહ્વાન કરવામાં આવ્યું હતું. કિસાન મજદૂર મોરચાના નેતા સરવન સિંહ પંધેરે કહ્યું કે, 'ખેડૂતોએ બપોરના ૧૨ થી ૩ વાગ્યામાં અનેક સ્થળોએ ફાટક પર બેસીને ધરણાં પ્રદર્શન કર્યું અને ટ્રેનો અટકાવી. હવે કિસાન મજદૂર મોરચા અને એ 30 ડિસેમ્બરે પંજાબ બંધનું એલાન કર્યું છે.'મીડિયા અહેવાલ મુજબ, વિરોધ કરી રહેલાં ખેડૂતોએ ગુરદાસપુરમાં મોગા, ફરીદકોટ, કાદિયાન અને બટાલામ, જલંધરમાં ફિલ્લૌર, હોશિયારપુરમાં ટાંડા, દસુયા, માહિલપુર, ફિરોઝપુરમાં મક્ખુ, તલવંડી, લુધિયાણામાં સાહનેવાલ, પટિયાલામાં શંભુ, મોહાલી, સંગરુરના સુનમ અને લેહરા, બઠિંડામાં રામપુરા ફૂલ અને અમૃતસરના દેવીદાસપુરા સહિત અનેક સ્થળોએ રેલવેના માર્ગો બ્લોક કર્યા હતા.

જ્યારે જમ્મુથી સિયાલદહ જતી હમસફર એક્સપ્રેસ, અમૃતસરથી મુંબઈ જતી દાદર એક્સપ્રેસ અને નવી દિલ્હીથી અમૃતસર જતી શાન-એ-પંજાબ એક્સપ્રેસને લુધિયાણા રેલવે સ્ટેશનના અલગ-અલગ પ્લેટફોર્મ પર રોકવામાં આવી હતી. નવી દિલ્હીથી અમૃતસર જતી શતાબ્દી એક્સપ્રેસને ખન્ના રેલવે સ્ટેશન પર રોકવામાં આવી હતી.

વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોનું કહેવું છે કે, 'અમે સરકાર પાસે એમએસપી માટે કાયદાકીય ગેરંટીની માગ કરી રહ્યા છીએ.' તમને જણાવી દઈએ કે, અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ ખેડૂતો ૧૩ ફેબ્રુઆરીથી પંજાબ અને હરિયાણા વચ્ચે શંભુ અને ખનોરી બોર્ડર પર ધરણાં કરી રહ્યાં છે. જેમાં સુરક્ષા દળો દ્વારા ખેડૂતોની દિલ્હી જતા અટકાવવામાં આવી રહ્યા છે. છેલ્લા ત્રણ અઠવાડિયાથી પંજાબના ખેડૂત નેતા જગજીત સિંહ દલ્લેવાલ પંજાબ અને હરિયાણા વચ્ચે ખનોરી બોર્ડર પર આમરણ ઉપવાસ પર બેઠા છે, જેથી કેન્દ્ર પર આંદોલનકારી ખેડૂતોની માંગણીઓને સ્વીકારવામાં આવે. જેમાં ૧૦૧ ખેડૂતોના જૂથે ૬ ડિસેમ્બર, ૮ ડિસેમ્બર અને પછી ૧૪ ડિસેમ્બરે પગપાળા જઈને દિલ્હીમાં પ્રવેશ કરવાના ત્રણ પ્રયાસો કર્યા.

ખેડૂતોના પાકમાં પર કાનૂની ગેરંટી ઉપરાંત, ખેડૂતોની લોન માફી, ખેડૂતો અને મજૂરો માટે પેન્શન, વિજળીદરોમાં ઘટાડો, પોલીસ ફરિયાદો અને ૨૦૨૧માં લખીમપુર ખીરી હિંસાના પીડિતોને ન્યાય અપાવવા સહિતની માંગણી કરી રહ્યા છે. જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩ની પુનઃસ્થાપના અને ૨૦૨૦-૨૧માં અગાઉના આંદોલન દરમિયાન મૃત્યુ પામેલા ખેડૂતોના પરિવારોને વળતર આપવામાં આવે તેવી ખેડૂતોની માગ છે.

### મોદીની આયુષ્યમાન યોજના સામે આપનો નવો દાવ સંજીવની

# ચૂંટણી પહેલાં કેજરીવાલ દિલ્હીવાસીઓ માટે સંજીવની યોજના લાવ્યાં



નવી દિલ્હી દિલ્હીમાં આવતાં વર્ષની શરૂઆતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. આ પહેલાં આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે વૃદ્ધો માટે સંજીવની યોજનાની જાહેરાત કરી છે. આ અંતર્ગત રાજધાનીમાં ૬૦ વર્ષથી વધુ વયનાં લોકોની સારવાર મફતમાં થશે.કેજરીવાલે આજે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન કહ્યું કે અમારાં દિલ્હીનાં તમામ વડીલો માટે સારા સમાચાર છે. દિલ્હીમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો માટે મફતમાં સારવાર મળશે. આ કેજરીવાલની ગેરંટી છે.કેજરીવાલે કહ્યું કે, વૃદ્ધાવસ્થામાં એક વસ્તુ દરેકને પરેશાન કરે છે. જેમ જેમ ઉંમર વધે છે તેમ તેમ ૧૦૦ બિમારીઓ આવે છે અને આપણને ઘેરી લે છે. સૌથી મોટી ચિંતા સારવારની છે. હું એવાં ઘણાં લોકોને ઓળખું છું જેઓ સારા પરિવારમાંથી આવે છે પરંતુ તેમનાં બાળકો તેમની કાળજી લેતાં નથી.

તેમણે કહ્યું કે, રામાયણમાં એક વાર્તા છે, જ્યારે લક્ષ્મણ બેહોશ થઈ ગયાં ત્યારે હનુમાન તેમનાં માટે સંજીવની જડીબુટ્ટી લઈને આવ્યાં હતાં. આજે હું દિલ્હી સરકારની વૃદ્ધો માટે સંજીવની યોજનાની જાહેરાત કરી રહ્યો છું. જેમાં ૬૦ વર્ષથી વધુ વયનાં વૃદ્ધોની સારવાર મફત રહેશે. આ યોજના ચૂંટણી બાદ પસાર કરવામાં આવશે.આમાં કોઈપણ પ્રકારની આવક મર્યાદા રહેશે નહીં. તમને એક કાર્ડ મળશે, તમારે ફક્ત તે કાર્ડ સુરક્ષિત રાખવું પડશે. ચૂંટણીમાં આમ આદમી પાર્ટી જીતતાની સાથે જ આ યોજનાને પાસ કરીને લાગું કરવામાં આવશે.

દિલ્હી સરકારની સંજીવની યોજના હેઠળ, ૬૦ વર્ષથી વધુ વયના વૃદ્ધોની મફત સારવાર કરવામાં આવશે. સરકારી અને ખાનગી બંને હોસ્પિટલોમાં મફત સારવાર થશે. આ યોજનાનો લાભ લેવા માટે કોઈ આવક મર્યાદા નથી. આ યોજના માટે આમ આદમી પાર્ટીના કાર્યકરો આગામી બે-ત્રણ દિવસમાં ઘરે-ઘરે જઈને વૃદ્ધોની નોંધણી કરશે. સારવારનો સંપૂર્ણ ખર્ચ દિલ્હી સરકાર ઉઠાવશે.




# રાજકોટના કટારીયા ચોકડીએ બ્રીજના ટેન્ડરમાં ૧૪.૨૪% ઓન : ૧૪૧.૭૩ કરોડની ઓફર

## રાજકોટના સૌપ્રથમ કેબલ બ્રીજ માટેના ટેન્ડર ખોલતી મહાપાલિકા ઉપર ઓવરબ્રીજ અને રીંગ રોડની દિશામાં અંડરબ્રીજનો પ્રોજેકટ ચકાસણી સમિતિ ભાવોની તંદુરસ્તી ચકાસી સ્ટે.કમીટીને દરખાસ્ત મોકલશે

રાજકોટ, તા. ૧૮

શહેરના કાલાવડ રોડ પર હવે ટ્રાફિક પરિવહન માટે ખુબ મહત્વના બની ગયેલા કટારીયા ચોક પર બ્રીજની તાતી જરૂરીયાત છે ત્યારે બજેટમાં મૂકાયેલી જોગવાઇ મુજબ આ ચોકમાં રાજકોટના સૌપ્રથમ કેબલ બ્રીજનું ટેન્ડર બહાર પડયા બાદ તેના ભાવ આવી ગયા છે.

આજે આ ભાવ ખુલી જતા ૧૨૪ કરોડના ટેન્ડર સામે ૧૪.૨૪ ટકા ઓન એટલે કે ૧૪૧.૭૩ કરોડના ભાવની એલ-૧ ઓફર આવી છે. ૧૨૪ કરોડનું ટેન્ડર જીએસટી સાથે ૧૪૧ કરોડનું થાય છે. આ ચોકમાં સામાન્ય દિવસોમાં પણ હવે અવારનવાર ટ્રાફિક જામ થાય છે. રાત્રે વધુ અવરજવરના સમયે પણ મુશ્કેલીઓ ઉભી થતી હોય છે. આથી અહીં બ્રીજની જરૂર હોવાનો અભિપ્રાય ગત વર્ષે જ આવી ગયો હતો.આથી બજેટમાં મૂકાયેલી જોગવાઇ સાથે થોડા સમય પહેલા ૧૪૧ કરોડના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા. જે ટેન્ડર ભરવાની મુદત પૂરી થતા ૧૪.૨૪ ટકા ઓન એટલે કે ૧૪૧.૭૩ કરોડની ઓફર મનપાને મળી છે. હવે આ ટેન્ડર ચકાસણી સમિતિમાં મુકવામાં આવશે. ત્યાં ભાવ યોગ્ય લાગે એટલે સ્ટે.કમીટીને દરખાસ્ત મોકલવામાં આવશે.

રાજકોટનો આ પ્રથમ કેબલ બ્રીજ બની રહ્યો છે. કાલાવડ રોડ પર ઓવરબ્રીજ અને તેની નીચે રીંગ રોડની ચોકની બંને દિશામાં અંડર બ્રીજ પણ બનવાનો છે. આથી આ પ્રોજેકટ ખુબ મોટો અને મહત્વનો ગણાવાઇ રહ્યો છે. કટારીયા ચોકડીએ ફલાય ઓવરની કુલ લંબાઇ પોણો કિ.મી.થી વધુ એટલે કે ૮૦૦ મીટર છે.

તો તેની પહોળાઇ ફુટપાથ સહિત ૨૪ મીટરની રાખવામાં આવી છે. ડિઝાઇનમાં પ્લાન્ટેશન પણ છે. મધ્ય ભાગ ૧૬૦ મીટરનો છે. આ બ્રીજ જલારામ ફૂડ કોર્ટથી શરૂ થશે અને કોસ્મો પ્લેકસ પાસે પૂરો થશે. આ બ્રીજ હેઠળ ગેમ ઝોન બનાવવાનું પણ મહાપાલિકાનું આયોજન છે.

રીંગ રોડની દિશામાં બનનારા અંડરપાસની લંબાઇ ૬૦૦ મીટર અને પહોળાઇ ૧૮ મીટર છે. અંડરબ્રીજ હાલના ઘંટેશ્વર સાઇડના પુલ તરફથી શરૂ થશે અને રંગોલી આવાસના ૧૮ મીટરના ટીપી રોડ (ગોંડલ રોડ) તરફ પુરો થશે. આ કામ અપાય એટલે 30 મહિનામાં પુરૂ કરવાનું આયોજન મહાપાલિકાએ કર્યુ છે.

આ ટેન્ડરમાં કુલ ચાર એજન્સી આવી હતી જેમાં બેકબોને સૌથી નીચા ૧૪૧.૭૩ કરોડના ભાવ આપ્યા છે તો ઈન્ફ્રાટેક કંપનીએ ૧૪૨ કરોડ, મંગલમ બિલ્ડકોને ૧૫૩.૧૯ કરોડ અને વિજય મિસ્ત્રી કન્સ. પ્રા.લી. કંપનીએ ૧૪૭.૪૯ કરોડના ભાવની ઓફર આપી હતી હવે આ ટેન્ડર ચકાસણી સમિતિ સમક્ષ રજુ કરવામાં આવશે તેમ અધિકારીઓએ જણાવ્યું હતું.

# ટ્રાફિક નિયમનો ભંગ કરનારને સીધા જેલ હવાલે કરવા ગૃહમંત્રી હર્ષ સંઘવીનો આદેશ

## ચલણ નહીં એફઆરઆઈ નોંધી જેલહવાલે કરવા તાકીદ



રિપોર્ટઃ કાર્તિક બાવીશી

અમદાવાદ,તા.૧૮

રાજયમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને નિવારવા ટ્રાફિક નિયમોની કડક અમલવારી થઈ રહી છે.તેમ છતાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ નહી આવતા હવે બેફામ પુરપાટ ઝડપે ગાડીઓ દોડાવતા ઓવર સ્પીડ અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે.

ટ્રાફિક અવરનેસ માટે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદનાં સીપી અને ડીજીપીને કડક આદેશ કરતા જણાવ્યું હતું કે, ટ્રાફિકનાં નિયમોનું ઉલ્લંઘન કરનાર લોકોને ચલારી નહી એફઆરઆઈ દાખલ કરો અને સીધા જેલ હવાલે કરવા આદેશ કર્યો હતો.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, બેફામ ગતિએ વાહન હંકારનાર અને રોંગ સાઈડમાં વાહન ચલાવનાર સામે એફ.આર.આઈ.દાખલ થશે. સિગ્નલનો ભંગ કરનાર અને રોંગ સાઈડમાં વાહન ચલાવનારને દંડ ફટકારશો નહી સીધા જેલ હવાલે કરો આવા લોકોને સ્લેટ પકડાવી ફોટા પડાવવા માટે અમદાવાદનાં સીપી અને ડીજીપીને વધુ કડક થવા આદેશ કર્યો હતો.ટ્રાફિક નિયમોના ભંગમાં બીજા નંબરે રાજકોટવાસીઓ આવી રહ્યા છે. રાજકોટની વાત કરવામાં આવે તો છેલ્લા એક દાયકાથી રાજકોટમાં ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન થાય તે માટે પોલીસ સીસીટીવી કેમેરા મારફતે નિયમ ભંગ કરનાર વાહનચાલકોને ઈ-મેમો આપી દંડ ફટકારે છે તેમ છતાં રાજકોટવાસીઓ હમ નહીં સુધરેંગેનું વર્તન કરી રહ્યા હોય તેમ જોવા મળી રહ્યું છે. રાજકોટ માં રજિસ્ટ્રેશન મુજબ શહેરમાં કુલ ૧૮ લાખ વાહનચાલકો હોવાનું સામે આવ્યું છે. રાજકોટ શહેર પોલીસના જણાવ્યા મુજબ, ચાલુ વર્ષે જાન્યુઆરી ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૪ એટલે કે ૧૧ મહિના સુધીમાં કુલ ૪,૮૩,૭૯૫ લાખ ઇ-ચલણ મારફતે રૂપિયા ૭૦,૭૯,૧૧,૨૦૦ નો દંડ રાજકોટવાસીઓને ફટકારવામાં આવ્યો છે. જેની સામે માત્ર ૧,૫૬,૩00 ઈ-ચલણની ૭,૬૭,૦૦,૨૮૯ દંડની રકમ ભરપાઈ થઈ હોવાનું સામે આવ્યું છે. એટલે કે હજુ પણ રાજકોટ પોલીસને ૩,૨૭,૪૯૫ ઇ-ચલણના રૂપિયા ૬૩ કરોડથી વધુની રકમ વસૂલાત કરવાની બાકી છે. રાજકોટ પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક નિયમનું પાલન કરાવવા માટે અલગ અલગ ૧૦ જેટલા નિયમો ઉપર મુખ્યત્વે ધ્યાન આપી કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં ડ્રાઈવિંગ લાઈસન્સ, બ્લેક ફિલ્મ, રેડ લાઈટ સિગ્નલ ક્રોસિંગ, ચાલુ વાહને ફોન પર વાત કરનાર, હેલ્મેટ વગર વાહન ચલાવનાર, રોંગ સાઇડ વાહન ચલાવનાર, ટુ વ્હીલરમાં બે કરતાં વધુ લોકો જતા હોય તો, ઓવર સ્પીડ અને ફેન્સી નંબર પ્લેટ રાખનાર સામે ૧૦૦થી લઇને ૫૦૦, ૧૦૦૦, ૨૦૦૦ અને ૩000 સુધીનો દંડ ફટકારવામાં આવી રહ્યો છે. રાજકોટ  દ્વારા પણ દર મહિને ટ્રાફિક નિયમો બાબતે કડક કાર્યવાહી કરી હજારો કેસ સામે લાખોનો દંડ ફટકારવા છતાં પણ વાહનચાલકો હમ નહીં સુધરેંગે જેવા વલણ સાથે ફરતા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

નવેમ્બર મહિનામાં પણ  દ્વારા નિયમભંગ વિરુદ્ધ કાર્યવાહી કરી કુલ રૂપિયા ૩૭.૧૭ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.  દ્વારા નવેમ્બર મહિના દરમિયાન કરવામાં આવેલી કાર્યવાહીમાં સૌથી વધુ કેસની સંખ્યામાં વ્હાઈટ લાઈટ,  લાઈટ અને રોંગ લેન ડ્રાઈવિંગ ચેકિંગમાં સૌથી વધુ ૩૦૮ વાહનચાલકોને રૂપિયા ૩,૦૮,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. તો બીજી તરફ સૌથી વધુ દંડમાં નિર્ધારિત વજન કરતાં વધુ વજન ભરીને જતાં ૧૪૫ ઓવર લોડ વાહનોને રૂપિયા ૧૭,૮૧,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે. જ્યારે હેલ્મેટ અને સીટબેલ્ટ વગર વાહન ચલાવનાર ચાલકો સામે ૨૦૪ કેસ કરી રૂપિયા ૧,૮૫,૫૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. દ્વારા કુલ ૧૦થી વધુ પ્રકારે વાહન નિયમોનો ભંગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરીને કુલ ૧,૧૦૧ કેસ કરી રૂપિયા ૩૭,૧૭,૧૪૨નો દંડ ફટકારવામાં આવ્યો હતો.



# રીઅલ એસ્ટેટ ક્ષેત્રમાં સરકાર - બિલ્ડરો વચ્ચે અત્યાર સુધીનો સૌથી મોટો વિવાદ

**ગેરકાયદે ફલાવર બેડમાં કમ્પ્લીશનની ના! 300 પ્રોજેક્ટનું ભાવિ ડામાડોળ અમુક બાંધકામ તોડવા માંડયા, અમુકની ગ્રાહકોને પધરાવવાની પેરવીઃ મવડી, ઘંટેશ્વર, માધાપર અને રૈયામાં સૌથી વધુ પ્રોજેકટો પ્રભાવિત કમ્પ્લીશન માટે વચલા રસ્તાની રાહ જોવી કે કેમ? બિલ્ડરોમાં**

રાજકોટ તા.૧૮

રાજય સરકારે જંત્રીદરમાં સૂચિત તોતીંગ વધારો જાહેર કર્યા વખતથી રિઅલ એસ્ટેટ ક્ષેત્રમાં જબરો ઉહાપોહ છે. પરંતુ રાજકોટના બિલ્ડરો તો ઘણા મહિનાથી પ્લાન, કમ્પ્લીશન જેવા ચાર-પાંચ પ્રશ્નોથી પીડાય રહ્યા છે. ગેરકાયદે ફલાવર બેડનો મુદો મુખ્ય હતો.પરંતુ આવા કિસ્સામાં મંજુરી કમ્પલીશન આપવામાં સરકારે હાથ ઉંચા કરી દેતા શહેરના ૩૦૦ જેટલા પ્રોજેકટોના ભાવિ ડામાડોળ બનવાની સ્થિતિમાં આવી ગયા છે. બિલ્ડરોની સાથોસાથ ગ્રાહકોને માથે આફત સર્જાવાની નોબત ઉભી થઈ છે. સમગ્ર બાંધકામ ઉદ્યોગમાં આવતા દિવસોમાં તીવ્ર પ્રત્યાઘાતો પડવાની દહેશત છે.રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનાર ટીઆરપી ગેમઝોન બાદ ટીપી, બાંધકામ, ફાયર એનઓસી સહિતના નિયમોનો કડક રીતે અમલ શરૂ કરાવવામાં આવ્યો હતો. અત્યાર સુધી બિલ્ડીંગ પ્રોજેકટોમાં ગેરકાયદે હોવા છતાં ફલાવરબેડના નામે કેટલીક છુટછાટો આપી દેવામાં આવતી હતી પરંતુ અગ્નિકાંડ બાદ તે બંધ કરી દેવાતા ૩૦૦ જેટલા પ્રોજેકટોના કમ્પ્લીશન અટકી પડયા છે.

બિલ્ડરો દ્વારા કેટલાંક મહિનાઓથી કોર્પોરેશન સમક્ષ અનેક વખત રજુઆતો કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા ઘસીને ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. બિલ્ડરલોબીએ સરકાર સમક્ષ ધા નાખી હતી. ઉચ્ચસ્તરે બેઠકો થવા છતાં કોઈ નિરાકરણ આવ્યુ ન હતુ. બિલ્ડરોની સતત રજુઆત વચ્ચે કોર્પોરેશન તંત્ર દ્વારા સરકારનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. સરકારે પણ ગેરકાયદે બાંધકામ હોય તો તેમાં મંજુરી આપવાનો ઈન્કાર કરી દેતા બિલ્ડરલોબીમાં સોપો પડી ગયો છે.રાજકોટના એક જાણીતા બિલ્ડરે કહ્યું કે સરકારી અભિપ્રાય બાદ અંદાજીત ૩૦૦ પ્રોજેકટોનું શું થશે? તેવો સવાલ ઉઠવા લાગ્યો છે. છેલ્લાં કેટલાંક મહિનાઓથી નાના-મોટા ૩૦૦ પ્રોજેકટનુ કમ્પ્લીશન અટકેલા છે. સરકારના અભિપ્રાય બાદ કોર્પોરેશન તંત્ર હાથ ન ઝાલે તે નકકી છે. કમ્પ્લીશન વિના અટકેલા મોટાભાગના પ્રોજેકટો મવડી, માધાપર અને રૈયામાં છે.નિર્માણાધીન પ્રોજેકટોમાં ઘણુખરૂ વેચાણ પણ થઈ ગયા છે. આ સંજોગોમાં કમ્પ્લીશન ન મળે તો કેવી સ્થિતિ સર્જાય તે કલ્પી શકાય છે. કોર્પોરેશન તથા બિલ્ડર લોબીના કેટલાક સૂત્રોએ કહ્યું કે રાજકોટના વિવાદમાં સરકાર ઝુકે તેમ ન હોવાની છાપ છે. આ સ્થિતિમાં નાના પ્રોજેકટોમાં તો કેટલાંક બિલ્ડરોએ ગેરકાયદે ફલાવરબેડની તોડફોડ શરૂ કરી દીધી છે. કારણ કે નાણાં સલવાઈ જવા કે વ્યાજના ચકકર પોસાઈ ન શકે. ગ્રાહકો સાથે પણ વિવાદ સર્જાવાના જોખમ રહે છે, આ પ્રકારની હાલત ટાળવા ગેરકાયદે ભાગનુ ડિમોલીશન શરૂ કરાયુ છે.એમ કહેવાય છે કે કેટલાંક મોટા પ્રોજેકટોમાં હાલત કફોડી છે. ગેરકાયદે ભાગ તોડી શકાય તેમ પણ નથી. બિલ્ડર એસોસીએશન સરકાર સમક્ષ રજુઆત કરીને વચલો રસ્તો કાઢવા પ્રયત્નશીલ હોવાનો દાવો કરી રહ્યું છે એટલે એસોસીએશનની હૈયાધારણા પર ભરોસો મુકીને રાહ જોવાનુ વલણ અપનાવી રહ્યા છે. જો કે, કયાં સુધી રાહ જોવી તે વિશે ગડમથલ શરૂ થઈ જ ગઈ છે.

એવી ચર્ચા છે કે નવા પ્રોજેકટ પ્લાનમાં વિવિધ બાબતોનો કડક અમલ થાય તો વાંધો નથી પરંતુ જુના મંજુર અને હાલ નિર્માણાધીન પ્રોજેકટો પુરતુ હળવુ વલણ અપનાવવા સરકારને અનુરોધ કરવામાં આવ્યો છે.જરૂર પડયે ઈમ્પેકટ ફીની કટ ઓફ ડેટ વધારીને ફલાવરબેડ વિવાદ ઉકેલાઈ જાય તે રીતે મધ્યમમાર્ગ કાઢી દેવા ખોળો પાથર્યો છે. જાણકારોના કહેવા પ્રમાણે આ વિવાદનો તુર્તમાં ઉકેલ આવે તેમ નથી ત્યારે બિલ્ડરલોબી અટકેલા પ્રોજેકટમાં કયા સુધી પાક ઝીલી શકે છે તે સવાલ છે.રીઅલ એસ્ટેટ-બાંધકામ પ્રોજેકટોમાં સરકારી તંત્રનું કમ્પ્લીશન સર્ટીફીકેટ મુખ્ય દસ્તાવેજ હોય છે. બેંક લોન લેવાથી માંડીને નળ જોડાણ માટે તે અનિવાર્ય હોય છે એટલું જ નહીં કોર્પોરેશનની વેરા આકારણી પણ તેના આધારિત થતી હોય છે.

ગ્રાહકોને અન્ય મોટી સમસ્યા ઘરના ઘરનું સ્વપન સાકાર કરવાની હોય છે. મોટાભાગના કિસ્સામાં નવું આવાસ લેનારા ભાડાના ઘરમાં રહેતા હોય છે. અથવા પોતાનું માલિકીનું આવાસ હોય તો પણ નવા ઘરની ખરીદી પછી તે વેચી નાખવામાં આવ્યો હોય છે અથવા અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરેલી હોય છે. નાણાંકીય બાબત પણ હોય છે. કમ્પલીશન વિના ફાળવણી અટકવાના સંજોગોમાં ગ્રાહકોની હાલત કફોડી બની શકે છે. બિલ્ડરલોબીના જ સૂત્રોના કહેવા પ્રમાણે ૩૦૦ પ્રોજેકટોને નડેલા ગ્રહણથી સમગ્ર બાંધકામ ઉદ્યોગ સ્તબ્ધ છે.

## ટીન એજર્સ પણ હવે આ નવી માનસિક બિમારીનો શિકાર બનવા લાગ્યા

# મોબાઈલનો વધુ પડતો ઉપયોગ પોપકોર્ન બ્રેઈન સિન્ડ્રોમ સર્જે છેઃ ચિંતાજનક સ્થિતિ

રાજકોટ તમારો મોબાઈલ જો આસપાસ ના હોય તો તમે અકળાઈ જાવ છો! રાત્રીના સુતા સમયે પણ મોબાઈલ સાથે જ રાખવાની ટેવ લગભગ તમામને છે તમો મોબાઈલ પર કોઈ મુવી કે વિડીયો કલાક સુધી જોઈ શકો છો પણ કોઈ પુસ્તકના બે ચાર પાના વાંચો અને મગજ થાક કે કંટાળો અનુભવે છે!

આ તમામ છે કે તમો પોપકોર્ન-બ્રેઈન સિન્ડ્રોમના શિકાર બની ગયા છો આ એક મોબાઈલ સાથે જોડાયેલી બિમારી કહો તો બિમારી અને તમારી માનસીક નબળાઈ કહો તો નબળાઈ પણ તે તમારા માટે ખતરનાક સાબીત થઈ શકે છે.

આ એક નકારાત્મક માનસીક સ્થિતિ છે. મોબાઈલ પર તમો કેટલો સ્ક્રીન ટાઈમ ગાળો છો તે તમારો મોબાઈલ ખુદ કહે છે પણ તમો તેની ચિંતા કરતા જ નથી. પોપકોર્ન બનતા જોયા છે! જે રીતે તે કુદે છે તે સ્થિતિ તમારા મગજમાં સતત



ચાલતી રહે છે જે તમોને કોઈ કામ પર ધ્યાન કેન્દ્રીત કરવા દેતુ જ નથી. તમારો હાથ આપોઆપ મોબાઈલ ભણી ખેચાઈ જ જાય છે.

હાલમાં જ સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં ખુબજ ગંભીરતાથી કહે છે કે ફક્ત વયસ્ક નહી ટીન એજરને પણ હવે મોબાઈલની બિમારી થવા લાગી છે. સૌરાષ્ટ્ર યુનિ.એ ૧૫થી૨૯ વયની વચ્ચેના ૧૩૬૪ લોકોના સર્વે કર્યા બાદ આ તારણ કાઢ્યું હતું.સૌરાષ્ટ્ર યુનિ.ના માનસશાસ્ત્ર વિભાગના આસી. પ્રોફેસર ધારા દોશી કહે છે કે, આ સર્વેએ ખાસ કરીને પ્રયાસોમાં જે રીતે ઉંઘમાં પણ પોપકોર્ન બ્રેઈન સિન્ડ્રોમ સર્જે છે તે ખતરનાક છે. આ એક વ્યક્તિગત અને સામાજીક રોગ બની ગયો છે અને તેમના આ અભ્યાસનો ઉદેશ લોકોમાં એક જાગૃતતા સર્જવાનો છે.

આસી. પ્રોફેસર ધારા દોશીના માર્ગદર્શન હેઠળ આ સર્વે ઉન્નતિ દેસાઈ અને રીંકા વિંઝુડા દ્વારા કરવામાં આવ્યો હતો. તેઓ કહે છે કે, વિદ્યાર્થીઓના અભ્યાસમાં આ સિન્ડ્રોમ ખૂબજ નકારાત્ક પૂરવાર થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓ સ્વીકારે છે કે, તેઓ વાંચવામાં કે અભ્યાસમાં એકાગ્રતા લાવી શકતા નથી. ડિજીટલ ગેઝેટના વધુ પડતા ઉપયોગથી તેઓએ એક એવી સ્થિતિનો શિકાર બને છે કે તેઓ મોબાઈલ નોટીફીકેશન કે તેના સ્ક્રીન પરના કન્ટેન્ટને મિસ કરી રહ્યા છે તેવી બેચેની અનુભવે છે.

જેમ જેમ સ્ક્રીન ટાઈમ વધતો જાય છે તેમ તેમ આ સ્થિતિ વણસતી જાય છે અને પછી તે ભવિષ્યમાં માનસીક રીતે સતત અપસેટ રહે તેવી સ્થિતિ બને છે. આ બિમારીના ભવિષ્યના પણ અનેક ખતરા છે.

## ખાદ્યતેલોમાં સતત મંદી વધુ રૂા.૧૦થી ૨૦નો ઘટાડો

### સીંગતેલમાં ૧૦ તથા કપાસિયા – પામમાં ૨૦-૨૦ તૂટ્યા



રાજકોટ, તા.૧૮

ખાદ્યતેલોમાં માનસ મંદીનું બની ગયું હોય તેમ ક્રમશ સતત ભાવ ઘટાડો રહ્યો છે. આજે પણ વિવિધ તેલમાં ડબ્બે ૧૦ થી ૨૦ રુપિયા તૂટ્યા હતા. રાજકોટમાં આજે સીંગતેલ નવા ડબ્બાનો ભાવ રૂા.૧૦ ઘટીને ૨૪૬૫થી ૨૫૧૫ રહ્યો હતો. કપાસિયાતેલ ડબ્બે ૨૦ના ઘટાડાથી ૨૦૮૦ થી ૨૧૩૦ હતો. પામોલીન ટીન પણ ૨૦ રુપિયાના ઘટાડાથી ૨૧૧૫ થી ૨૧૨૦ હતા.

તેલબજારના વેપારીઓના કહેવા પ્રમાણે અપેક્ષિત રીટેઈલ ઘરાકી ન હોવાની સામે સપ્લાય નોર્મલ છે. માલબોજની અસરે ભાવો સતત નીચે ઉતરી રહ્યા છે. બારમાસી ઘરાકીનો પણ કોઈ નોંધપાત્ર ટેકો નથી. ચાલુ વર્ષે ખરીફ તેલીબીયાનું મબલખ ઉત્પાદન હતું.

મગફળી સહિતની તેલીબીયાની ચિક્કાર આવકો જળવાયેલી છે. કાચામાલના ભાવ પણ સતત ઘટતા હોવાથી તેલબજાર દબાણ હેઠળ છે. રસપ્રદ વાત એ છે કે કપાસિયાતેલ કરતા આયાતી પામોલીનનો ભાવ ઉંચો થઇ ગયો છે.

## પ્રયાગરાજના મહાકુંભ મેળા માટે અમદાવાદથી ત્રણ સ્પેશિયલ ટ્રેનો દોડશેઃ ભાવનગરથી એક ટ્રેન ઉપડશે

અમદાવાદ,તા.૧૮

પશ્ચિમ રેલ્વે દ્વારા મહાકુંભ મેળા - ૨૦૨૫ને લઈને આયોજન કરવામાં આવ્યું છે. મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને આયોજન કરાયું છે. સાબરમતી-બનારસ અને સાબરમતી-બનારસ વાયા ગાંધીનગર કેપિટલ વચ્ચે બે જોડી મહાકુંભ મેળા સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



જ્યારે ભાવનગર ટર્મિનસ અને બનારસ વચ્ચે મહાકુંભ મેળા સ્પેશ્યલ ટ્રેન વિશેષ ભાડા પર ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. તમામ ટ્રેન માટે ૨૧ ડિસેમ્બરે બુકીંગ શરૂ થશે.

ટ્રેન નંબર ૦૯૪૧૩ સાબરમતી - બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ સાબરમતીથી ૧૧૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૪૪૫ કલાકે બનારસ પહોંચશે. આ ટ્રેન ૧૬ જાન્યુઆરી અને ૦૫, ૦૯, ૧૪, ૧૮, ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ચાલશે.તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૧૪ બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ બનારસથી ૧૯૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૦૩૦ કલાકે સાબરમતી પહોંચશે. આ ટ્રેન ૧૭ જાન્યુઆરી અને ૦૬, ૧૦, ૧૫, ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ચાલશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.ટ્રેન નંબર ૦૯૪૨૧ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ સાબરમતીથી ૧૦૨૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૪૪૫ કલાકે બનારસ પહોંચશે. આ ટ્રેન ૧૯,૨૩ અને ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ચાલશે.એ જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૨૨ બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ બનારસથી ૧૯૩૦ કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે ૦૧૨૫ કલાકે સાબરમતી પહોંચશે. આ ટ્રેન ૨૦, ૨૪ અને ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ચાલશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૫૫ ભાવનગર ટર્મિનસ - બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ ભાવનગર ટર્મિનસથી સવારે ૦૫૦૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૪૪૫ કલાકે બનારસ પહોંચશે.

# આધાર કાર્ડ માટે અંતે ફરી ટોકન સિસ્ટમ શરૂઃ અંધાધૂંધી વચ્ચે નવો નિર્ણય

### વહેલા તે પહેલાના ધોરણે અરજદારોને ટોકન આપી દેવાશેઃ લાઇનો બંધ નહીં થાય પરંતુ વ્યવસ્થાનો ભાગ ગણાઇ જશે! આજનું કામ કાલ પર ટળવાનો અનેક લોકોને અનુભવ

રાજકોટ, તા. ૧૮

મહાપાલિકામાં છેલ્લા મહિનાથી ઇ-કેવાયસી, વિદ્યાર્થીઓના અપાર કાર્ડ, રોજિંદા અને જરૂરીયાત મુજબના ફેરફારો માટે આધાર કેન્દ્રમાં આવતા લોકોની લાઇન વધી જતા અંધાધૂંધી જેવો માહોલ છે.

થોડા સમય અગાઉ ત્રણે ઝોનમાં કામ બંધ કરવાની ફરજ પડયા બાદ હવે નિયમિત કામમાં પણ તંત્ર પહોંચી શકતું ન હોય અને લોકોની લાઇન કેન્દ્રથી ગેટ સુધી પહોંચી જતી હોય અંતે આજથી આ કામ માટે ટોકન વ્યવસ્થા ફરી લાગુ કરી દેવામાં આવી છે.

રોજ અરજદારોની લાઇન લાંબી થતી જાય છે. ત્રણે ઝોનમાં કામ ચાલુ છે. છતાં લાંબી લાઇનના કારણે અવારનવાર માથાકૂટોના દ્રશ્યો સામે આવતા હતા આથી ડે.કમિશ્નરે આજથી ટોકન પધ્ધતિ લાગુ કરી છે.

બે દિવસ પહેલા આધાર કેન્દ્ર બહાર અરજદારો વચ્ચે રકઝક થઇ હતી. સ્ટાફ સાથે પણ માથાકૂટ થતા અને ઘણા લોકોના વારા પૂરા દિવસના વેઇટીંગ છતાં ન આવતા હોવાની ફરિયાદ ઉઠી હતી. દરમ્યાન આજે સવારે પણ નાગરિકો સેન્ટ્રલ ઝોન (ઢેબર રોડ) કચેરીએ આધાર કાર્ડના કામ માટે ગયા હતા. આ સમયે સ્ટાફ દ્વારા ટોકન આપવાની શરૂઆત કરવામાં આવી હતી. ક્રમમાં ઉભેલા લોકોને નિયત સંખ્યામાં ટોકન આપવામાં આવ્યા હતા. આથી બાકી રહી ગયેલા લોકોને પરત જવાનો વખત આવ્યો હતો. અધિકારી સુત્રોએ




જણાવ્યું હતું કે, રોજ લોકોનો સમય બગડતો હોવાની અને કયારેક ધકકો થતા હોવાની ફરિયાદ પરથી ફરી ટોકન આપીને આધાર કાર્ડની કામગીરી કરવા વ્યવસ્થા અમલમાં મૂકાઇ છે. ડે.કમિશ્નરે આજે આ સૂચના આપી હતી. હાલ સેન્ટ્રલ ઝોનમાં ૭, વેસ્ટમાં ૭ અને ઇસ્ટમાં ૬ કીટથી કામ ચાલે છે.આજે સેન્ટ્રલ ઝોનમાં ૧૪૦ ટોકન આપવામાં આવ્યા હતા. આવતીકાલથી પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં પણ ટોકન પધ્ધતિ લાગુ થઇ જશે. વહેલા તે પહેલાના ધોરણે અરજદારોને ટોકન આપી દેવામાં આવશે. હાલની વ્યવસ્થા મુજબ પ્રતિ કીટ રોજ સરેરાશ ૩૦ થી ૪૦ ટોકન આપવામાં આવશે. સર્વર કે અન્ય કોઇ ટેકનીકલ પ્રશ્ન ન હોય તો ૨૦ કીટમાં આટલુ કામ થઇ શકશે. આમ આધાર કેન્દ્ર બહાર સર્જાતી અંધાધૂંધી નિવારવા અરજદારોને ટોકન આપવા નિર્ણય તો લેવાયો છે, પરંતુ તેનાથી કામગીરીના સરવાળામાં કોઇ વધારો થવાનો નથી. કીટની પણ મર્યાદા હોય છે.

વાસ્તવમાં વધુ કીટ અને વધુ કામથી જ વધુ અરજદારોના કામ થઇ શકે છે. જેટલી ડિમાન્ડ છે એટલું કામ આટલી કીટમાં શકય નથી. પોસ્ટ ઓફિસ સહિતની જગ્યા કરતા કોર્પો.માં વધુ લોકો આવે છે. ટોકનથી લાઇન કદાચ ઓછી દેખાશે, પરંતુ જેઓને આધાર કાર્ડનું કામ છે તેઓએ તો એક નહીં તો બીજા દિવસે ધકકો ખાવો પડશે તે નકકી છે.

મનપા અને જિલ્લા કલેકટર રાજકોટમાં વધુ કીટની વ્યવસ્થા થાય, વધુ કેન્દ્રો ખુલે તે માટે ચૂંટાયેલા લોકો મારફત પણ ઉપર સુધી રજુઆત કરે તે અનિવાર્ય બન્યું છે.

## શહેર પોલીસના ૭ થાણા અધિકારીઓની એકાએક બદલી ક્રાઇમ બ્રાંચને ત્રીજા પીઆઇ આપી મજબુત કરી

### ડીસીબીમાં સી.એચ. જાદવ, પ્ર.નગર પીઆઇ ઝણકાટને સાઇડલાઇન કરી અંઇઝગ , ગાંધીગ્રામ પીઆઇ કરપડાને ઇકકો સેલમાં મુકાયા લીવ રીઝર્વમાં રહેલ મેઘાણીને ગાંધીગ્રામ, વસાવાને પ્ર.નગર પોલીસ મથક સોંપાયા

રાજકોટ તા.૧૮

ગઇકાલે બપોરે પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ એકાએક સાત પીઆઇ અને બ્રાંચના પીએસઆઇની બદલી કરી દેતા પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો હતો. ઉપરાંત ક્રાઇમ બ્રાન્ચને પણ મજબુર કરી ત્રીજા પીઆઇ તરીકે સી.એચ. જાદવની નિમણુંક કરી હતી.

ક્રાઇમ બ્રાંચમાં હાલ બે પીઆઇ ફરજ બજાવી રહ્યા છે. ઉપરાંત પીસીબીની ટીમ પણ પોલીસ કમિશ્નરે એકટીવ કરી છે. ત્યારે ડીસીબીને ડીટેકશનનું કામ કરવાનું રહેતું હોય તેવું ચિત્ર ઉપસી આવ્યા બાદ અચાનક સીપીએ ગઇકાલે ક્રાઇમ બ્રાંચમાં પણ પીઆઇ તરીકે એન્ટીહ્યુમન ટ્રાફીકીંગ યુનીટના પીઆઇ સી.એચ. જાદવને મુકવામાં આવ્યા છે.

જયારે પ્ર.નગર પોલીસ મથકના પીઆઇ ભાર્ગવ ઝણકાટને સાઇડલાઇન કરી એન્ટીહ્યુમન ટ્રાફીકીંગમાં મુકી દેવાયા છે. તેમજ ગાંધીગ્રામના કે.જે. કરપડાને આર્થીક ગુના નિવારણ શાખા, એમઓબીના એસ.ડી. ગીલવાને સાઇબર ક્રાઇમ, જયારે લીવ રીઝર્વમાં રહેલા એસ.આર. મેઘાણીને ગાંધીગ્રામ, વી.આર. વસાવાને પ્ર.નગર અને જી.આર. ચૌહાણને એમઓબીમાં મુકવામાં આવ્યા છે. જયારે સરપ્રાઇઝ સમાન એલસીબી ઝોન-૧ પીએસઆઇ બી.વી. બોરીસાગરને અચાનક જ હટાવી તેમને પ્ર.નગરના પીએસઆઇ બનાવી દીધા હતા. જયારે પ્ર.નગર પીએસઆઇ બી.બી. ચુડાસમાને એલસીબીનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

## નાતાલ : પ્રવાસીઓનાં ધસારા સાથે એરફેર ઉચકાયા

### આ વર્ષે ગોવાની સરખામણીએ મુંબઇની તમામ ફલાઇટ ફુલઃ મુંબઇ – દિલ્હી, બેંગ્લોર વન – વે એરફેર રૂ.૧૦ હજારને પાર




રાજકોટ,તા.૧૮

આગામી નાતાલ પર્વની રજાઓ પુર્વ જ પ્રવાસીઓએ રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટથી દેશ-દુનિયાનાં પર્યટન સ્થળોએ જવા બુકિંગ કરાવતા તકનો લાભ લઈ એર લાઈન્સ કંપનીઓ એરફેરમાં વધારો ઝીંકી દીધો છે.

નાતાલ પર્વની રજાઓ ગાળવા દિવ-દમણ-ગોવા જેવા સ્થળોની પસંદગી વધુ હોય છે. વિદેશી પર્યટકો પણ નાતાલ પર્વની રજાઓ ગાળવા મોટી સંખ્યામાં આવતા હોવાથી એરફેર સાથે હોટલ-ફાર્મ હાઉસોમાં પણ બે-ત્રણ ગણો ભાડા વધારો જોવા મળી રહ્યો છે.

નાતાલ પર્વની રજાની અત્યારથી જ હવાઈ સેવામાં અસર જોવા મળી રહી છે. રાજકોટ, ઈન્ટરનેશનલ એરપોર્ટનાં ઉડ્ડયનમાં મુંબઈ, દિલ્હી, ગોવા, હૈદરાબાદ, પુના, બેંગ્લોરની ફલાઈટોનું એરફેર અત્યારથી વન-વે રૂ.૧૦ હજારને પાર પહોંચ્યું છે. ચાલુ સપ્તાહના અંતિમ દિવસોમાં હજુ એરફેર ઉંચુ રહેવાની શકયતા છે.

વિદેશ વસતા ટુરીસ્ટો નાતાલ પર્વનું વેકેશન ગાળવા મોટાભાગે ઈન્ડિયાનાં વિવિધ પર્યટન સ્થળોએ આવી રહ્યા હોવાથી એર લાઈન્સ કંપનીઓ એરફેર બે-ત્રણ ગણા બમણા કરી નાખ્યા છે.જેમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટની હવાઈ સેવા લાકાત નથી.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં હાલ એર ઈન્ડિયા અને ઈન્ડિગો એર લાઈન્સ કંપનીઓએ એરફેર અત્યારથી જ બમણા કરી નાખ્યા છે. જેમાં સૌથી વધુ રાજકોટ મુંબઈ વનવે એરફેર રૂ.૧૦ હજારને પાર પહોંચ્યુ છે જે નાતાલ પર્વની રજાઓમાં રૂ.૧૩ હજારને પાર પહોંચશે જયારે અન્ય મેટ્રો શહેરો દિલ્હી, પુના, હૈદરાબાદ, બેંગ્લોરનું એરફેર હાલમાં રૂ.૧૦ હજારને પાર છે.

રાજકોટ-ગોવાની ડેઈલી સીધી ફલાઈટમાં આ વર્ષે હજુ જોઈએ તેટલો ટ્રાફિક નહી હોવાથી એરફેર હાલના દિવસોમાં નોર્મલ છે રાજકોટથી ડેઈલી મુંબઈ ઉડતી પાંચ ફલાઈટો ફુલ થઈ રહી છે. સૌથી વધારે મુસાફરોનો ઘસારો મુંબઈ તરફનો નોંધાઈ રહ્યો છે. નાતાલ પર્વની રજાઓમાં દર વર્ષે મોટાભાગે ગોવા જવાનો કેઝ વધુ હોય છે પરંતુ આ વર્ષે ગોવાનાં બદલે મુંબઈની ફલાઈટોનાં બુકિંગ ફુલ હોવાનું ટ્રાવેલ્સ એજન્ટો જણાવી રહ્યા છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭



અહેવાલઃ રામદેવસિંહ વાઘેલા

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં ડૂંગળીની પુષ્કળ આવક

હાઈવે પર વાહનો ની ૬ થી ૭ કીમી લાંબી લાઇનો લાગી હતી. યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયા એ જણાવ્યુ હતુ કે યાર્ડમાં ૩ લાખથી વધુ કટ્ટાની આવક થઈ હતી. ખેડુતોને ડુંગળીના ૨૦ કિગ્રાના ભાવ ૧૦૦ થી ૫૦૦ રૂપિયા સુધી મળ્યા બજાર ભાવ. જૂનાગઢ ગીર સોમનાથ જામનગર પોરબંદર સહિત સૌરાષ્ટ્રભરના ખેડુતો ડૂંગળી લઈને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આવે છે.સૌરાષ્ટ્રના ગોંડલ અને મહુવા માર્કેટિંગ યાર્ડ ફરી ડુંગળીની આવકથી ઊભરાઈ જવા પામ્યો છે. ગોંડલ અને મહુવા માર્કેટ યાર્ડમાં ડુંગળીની રેકોર્ડબ્રેક આવક થતાં યાર્ડ ડુંગળીથી ભરચક થયો છે. ગોંડલ યાર્ડમાં ગત રાત્રિના ૯ વાગ્યાથી ડુંગળીની આવક શરૂ કરાતાં આ વર્ષની પ્રથમ વખત ડુંગળીના ત્રણ લાખ કટ્ટા કરતાં વધારે આવક થવા પામી છે. યાર્ડમાં ડુંગળીની ભરચક આવક તો થઈ છે, પરંતુ એના ભાવને લઈને ખેડૂતો ખાસ સંતુષ્ટ લાગતા નથી. હાલ યાર્ડમાં ડુંગળીના ૨૦ કિલોના ભાવ રૂપિયા ૧૫૦થી લઈને ૪૮૧/- સુધીનો બોલાઈ રહ્યા છે, જે ખેડૂતોને ખૂબ ઓછો પડે છે. સમગ્ર સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો ગોંડલ માર્કેટ યાર્ડમાં ડુંગળીના વેચાણ અર્થે આવતા હોવાથી યાર્ડ ડુંગળીનું પીઠું બન્યો છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડની બંને બાજુઓ ૮થી ૧૦ કિલોમીટરની લાઈન થઈ હતી, જેમાં ૨૫૦૦થી ૨૮૦૦ જેવાં વાહનોની લાઈન હતી. હજુ પણ માર્કેટ યાર્ડ બહાર ડુંગળી ભરેલાં ૩૦૦ જેટલાં વાહનોની કતાર હોવાની વિગતો મળી રહી છે.

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં પીએચડીના શોધાર્થીઓ માટે કોર્સવર્કનો શુભ પ્રારંભ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ (ગોધરા) ખાતે લેવાયેલ પીએચડી પ્રવેશ પરીક્ષા અને ત્યારબાદ આયોજિત ડીઆરસી માં ૨૦ વિષયોમાં કુલ ૨૧૨ શોધાર્થીઓ પ્રવેશને પાત્ર ઠર્યા હતા.

આ શોધાર્થીઓ માટે તારીખ ૧૬ ડિસેમ્બરથી સંશોધન માટેની સઘન તાલીમ માટેના ત્રીસ દિવસ સુધી ચાલનારા અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે જેનું ઉદઘાટન આ યુનિવર્સિટીના યશસ્વી કુલપતિ શ્રી ડો પ્રતાપ સિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં ૧૬-૧૨-૨૦૨૪ના રોજ સવારે ૧૧ વાગે કરવામાં આવ્યું. આ કોર્સ વર્કમાં રોજના છ કલાકના હિસાબે ત્રીસ દિવસો દરમ્યાન ૧૮૦ કલાકનું પ્રત્યક્ષ શિક્ષણકાર્ય



કરવામાં આવશે. રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજમાંથી સંશોધનની પદ્ધતિના તજજ્ઞ વિદ્વાનો શોધાર્થીઓને સંશોધન અંગે તલસ્પર્શી જ્ઞાન આપશે. અભ્યાસ વર્ગ પૂરો થતાં પહેલાં તમામ શોધાર્થીઓની પરીક્ષા થશે તેમાં અસાઈન્મેંટ, સેમિનાર અને પ્રત્યક્ષ પરીક્ષાનો સમાવેશ થાય છે. આંતરિક મૂલ્યાંકન અને બાહ્ય મૂલ્યાંકનમાં પાસ થનાર શોધાર્થીઓને શોધકાર્ય માટે માર્ગદર્શક ફાળવવામાં આવશે.

આ શૈક્ષણિક વર્ષમાં ત્રણ વખત પી એચ ડી પ્રવેશ પરીક્ષા અને કોર્સ વર્ક યોજનારી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગુજરાતની કદાચ એક માત્ર યુનિવર્સિટી હશે. કોર્સ વર્કના ઉદઘાટન સમારોહમાં

યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો પ્રતાપસિંહજી ચૌહાણ અને કુલ સચિવ શ્રી ડો અનિલભાઈ સોલંકી તેમજ વિવિધ વિષયોના અધ્યક્ષ સર્વશ્રી ડો ભાવેશભાઈ જેઠવા, ડો સુરેન્દ્રસિંહ ગોહિલ, ડો જીગ્નેશભાઈ રાવલ ડો મૌનિક જાનીએ ઉપસ્થિત રહીને શોધાર્થીઓને માર્ગદર્શન અને આશીર્વાદ પાઠવ્યા હતા.




તસવીરઃ આનંદ સોમૈયા

# ટીઆરપી ગેમઝોન બાદ પણ તંત્ર સુધરતું નથીઃ બ્રિજના પાર્કીંગમાં ગેમઝોનનું કામ શરૂ કરાયું

## બાળકોની જિંદગી દાવ પર લગાવીને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા ગેમઝોન નિર્માણ કરવાનો નિર્ણય તાત્કાલિક ધોરણે અટકાવવી જોઈએ



રાજકોટ, તા. ૧૮ઃ રાજકોટમાં કેકેવી પાસે ગેમઝોન બનાવવા ગેરકાયદેસર થઈ રહેલ કામગીરી બાબતે મ્યુનિ.માં એક અરજીમાં જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગર પાલિકાની હદમાં આવેલ કાલાવડ રોડ પર કે.કે.વી. હોલ પાસે આશરે એક વર્ષ પહેલા જ ફ્લાઈ ઓવર બ્રીજનું બાંધકામ પૂર્ણ થયેલ હોય અને ભારતનાં વડાપ્રધાન શ્રીમાન નરેન્દ્રભાઈ મોદી સાહેબનાં હસ્તે તેનું લોકાર્પણ પણ થયેલ છે જે બ્રીજનો ઉપયોગ લોકો કરી રહ્યા છે, આ બ્રિજ નીચે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પબ્લિક પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવેલ હોય જેનો ઉપયોગ હાલ નાગરિકો કરી રહ્યા છે, આ બ્રીજની આસપાસનાં અન્ય કોઈ વિસ્તારોમાં પબ્લિક પાર્કિંગની વ્યવસ્થા આવેલ નથી જેથી સામાન્ય નાગરિક માટે આ એક માત્ર સુવિધા છીનવાય જાય તેમ છે. આ બ્રિજની બન્ને બાજુ ધંધા વ્યવસાયનાં કોમ્પ્લેક્સ આવેલ હોય અને જયારે બ્રીજ નિર્માણ થતો હતો ત્યારે પણ ડાઈવર્ઝન અને ટ્રાફિક જેવી સમસ્યાનો સામનો ધંધા-વ્યવસાય કરતા લોકોને તેમજ નાગરિકોને કરવો પડેલ હોય પરંતુ આ તમામ યાતનાઓ સહન કરીને રાજકોટ મહાનગર પાલિકાને અમોએ સાથ સહકાર આપેલ છે તેમજ કોર્પોરેશનએ પબ્લિક પાર્કિંગ અંગે વ્યવસ્થા બ્રીજ નીચે કરેલ છે. ૩ આજ રોજ તારીખ પનાં રોજ અમોને એ હકીકત ધ્યાનમાં આવેલ છે કે આ પબ્લિક પાર્કિંગની જગ્યામાં કોઈ કોન્ટ્રાક્ટર દ્વારા ખોદકામ કરવામાં આવી રહ્યું છે અને અમોએ પૂછપરછ કરતા તેઓએ જણાવેલ કે રાજકોટ મહાનગર પાલિકાનાં આદેશથી આ પબ્લિક પાર્કિંગ હટાવીને ત્યાં નાના બાળકો માટે બ્રીજ નીચે ‘‘ગેમ-ઝોન બનાવવામાં આવી રહ્યું છે. ફ્લાઈ-ઓવર બ્રીજ નીચે ગેમઝોન બનાવવામાં આવે અને બ્રીજ ઉપરથી ભારે વાહનો પસાર થયા હોય અને આ પ્રકારનાં બ્રીજ નીચે બાળકો માટે આવા કોઈ ગેમઝોન બનાવી શકાય કે કેમ તે અંગે બ્રીજ તૈયાર કરનાર એન્જીન્યર શ્રી પાસેથી આવું કોઈ પ્રમાણ પત્ર, ખરાઈ કે ખાતરી કરેલ ન હોય તેમજ બ્રીજ તૂટતા બાળકોનાં જીવને જોખમ હોય તે રીતે બાળકોની જિંદગી દાવ પર લગાવીને રાજકોટ મહાનગર પાલિકા દ્વારા ગેમઝોન નિર્માણ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હોય તેથી તે નિર્ણય રદ્દ કરી આ કામગીરી તાત્કાલિક ધોરણે અટકાવવી જોઈએ.

ફ્લાઈ-ઓવર બ્રીજ નીચે ગેમઝોન બનાવવામાં આવે તો પબ્લિક પાર્કિંગની સમસ્યાનો ગંભીર પ્રકારે સામનો કરવો પડે છે તેમજ ગેમઝોનનાં કારણે પર પાર્કિંગની વ્યવસ્થા અંને ટ્રાફિકની વ્યવસ્થા જાળવવામાં ખુબ જ મુશ્કેલી થઇ શકે જેના પરિણામે એર-પોલ્યુશન અને નોઈસ પોલ્યુશન જેવી સમસ્યાનો નાગરિકોએ સામનો કરવો પડે તેમ હોય તેથી જાહેર જનતાનાં હિતની વિરુદ્ધનો આ નિર્ણય હોય તેથી તે રદ્દ કરી આ કામગીરી તાત્કાલિક ધોરણે અટકાવવી જોઈએ. ૪.૪ તાજેતરમાં જ રાજકોટમાં રાજકોટ મહાનગર પાલિકાની બેદરકારીને કારણે ટી.આર.પી. ગેમઝોનમાં આગની દુર્ઘટનાને કારણે કેટલાય બાળકોનું મૃત્યુ થયેલ હોય ત્યારે ફરી વખત રાજકોટ મહાનગર પાલિકા અનહદ બેદરકારી સાથે જોખમ હોય તેવા બ્રીજ નીચે ગેમઝોન બનાવીને હજી કેટલા નિર્દોષ બાળકોનો ભોગ લેવા માંગે છે ? ભવિષ્યમાં આવી કોઈ જ દુર્ઘટના બને તો શું તે બાળકોને કશું નહિ થાય તેની સંપૂર્ણ જવાબદારી રાજકોટ મહાનગર પાલિકા લેશે ?

# મોરબીના વેપારીઓને તાત્કાલીક પોલીસ મદદ મળે તેમજ તેમની ફરીયાદ અને રજુઆતો માટે SITની રચના

- **નાનામાં નાના વેપારીથી લઈને ઉદ્યોગપતિઓને સહયોગ અને વેપારને રક્ષણ-સંવર્ધન માટે શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર હંમેશા તત્પરઃ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી**
- **મોરબી સીરામીક ઉદ્યોગના વેપારીઓના ફસાયેલા રૂ.૧૯ કરોડથી વધુ નાણા પરત કરી SITએ વેપારીઓનો વિશ્વાસ જીત્યો**









મોરબી, તા. ૧૮ઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં ઉદ્યોગકારોને સુરક્ષિત અને સલામત વાતાવરણ મળી રહ્યુ છે. ત્યારે સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ધરાવતી મોરબી સીરામીક ઇન્ડસ્ટ્રીમાં ઉદ્યોગકારોને વિશ્વાસમાં લઈને થતી છેતરપિંડી અટકાવવા તથા ફસાયેલા નાણાં પરત અપાવવા સહિતની કાર્યવાહી માટે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં મોરબી જિલ્લા પોલીસ SIT (સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ)ની રચના કરવામાં આવી હતી. આ S.I.T. દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મોરબી સીરામીક તથા અન્ય ઉદ્યોગોના વેપારીઓના ફસાયેલા રૂ.૧૯ કરોડથી વધુ નાણા પરત કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે.

ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, કરોડોનો ઉદ્યોગ અને લાખોની રોજગારી પુરી પાડવાની સાથે દેશમાં સૌથી ઝડપી વિકાસ પામનાર શહેર મોરબી છે, જે ગુજરાતનું હૃદય છે.

મોરબીના સૌ નાનામાં નાના વેપારીથી લઈને ઉદ્યોગપતિઓને તમામ પ્રકારનો સહયોગ આપી વેપાર-ઉદ્યોગને રક્ષણ આપવા સહિત જરૂરી બળ પુરૂ પાડવા શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર હંમેશા તત્પર છે.

મંત્રીશ્રીએ કહ્યુ કે, વેપારીઓને તાત્કાલીક પોલીસ મદદ મળે તેમજ તેમની ફરીયાદ અને રજુઆતો બાબતે ઝડપી કાર્યવાહી થાય તે માટે એક વર્ષ પહેલા રચાયેલી SITથી વેપારીઓને રક્ષણ તો મળ્યુ જ છે, સાથે સાથે SITની ટીમ કેરલ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ સહિતના વિવિધ રાજ્યોમાં આ તપાસ માટે પહોંચી ચુકી છે. જેને પરિણામે હવે ચીટર ટોળકીઓમાં ગભરાટ ઉભો થઇ ગયો છે અને ગુજરાતના વેપારીઓના ફસાયેલા રૂપીયા પરત આવવા લાગ્યા છે.

શ્રી હર્ષ સંઘવીએ વેપારીઓને વિશ્વાસ આપતા કહ્યુ કે, હજુ જે વેપારીઓના પૈસા ફસાયેલા છે અને અરજીઓ એસ.આઇ.ટી પાસે પેન્ડીંગ છે, તેના નિરાકરણ માટે આગામી સમયમાં એક મહિનાની મેગા ડ્રાઇવ ચલાવવામાં આવશે. એક્સટ્રા ફોર્સ સાથે ટીમોને અલગ-અલગ રાજ્યોમાં તપાસ માટે મોકલી સૌ વેપારીઓના ફસાયેલા નાણાં પરત કરાવવામાં આવશે. સાથે સાથે મંત્રીશ્રીએ વેપારીઓને સલાહ આપતા કહ્યુ હતું કે, ધંધાની લાલચમાં એવા કોઇ ચીટર વેપારીઓને માલ ન આપવો જેના કારણે ભવિષ્યમાં રૂપિયા ફસાઇ જાય. પોલીસ તંત્ર વેપારીઓના સહયોગમાં જ છે પરંતુ કેટલીક તકેદારી વેપારીઓએ પણ રાખવી જોઇએ.

એસ.આઇ.ટી.ની રચના બાદ વેપારીઓ-ઉદ્યોગપતિઓના ફસાયેલા નાણા બાબતે અલગ અલગ રાજ્યના કુલ ૪૦૮ એકમો વિરુદ્ધ ૧૦૩ અરજીઓ એસ.આઇ.ટીને મળી હતી. જેને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી અને સિરામિક ઉદ્યોગ સહિતના ઉદ્યોગોના વિવિધ નાણાકીય વ્યવહારોમાં ફસાયેલા રૂ.૧૯ કરોડથી વધુ નાણા પરત કરાવી SITએ વેપારીઓનો વિશ્વાસ જીત્યો છે.

વેપારીઓને તાત્કાલીક પોલીસ મદદ મળી રહે અને વેપારીઓના રૂપિયા પરત મળતા થાય તેમજ તેમની ફરીયાદ અને રજુઆતો બાબતે ઝડપી કાર્યવાહી થાય તે માટે ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ મોરબી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીના અધ્યક્ષ સ્થાને એસ.આઇ.ટીની રચના તા.૧૯મી મે-૨૦૨૩ના રોજ કરી હતી.

SITની રચનાથી વેપારીઓને મળેલી સલામતીને પરિણામે મોરબીના વિવિધ ઉદ્યોગ એસોસિયેશનના પ્રતિનિધિશ્રીઓ તેમજ વેપારીઓ દ્વારા સૌ વેપારીઓ-ઉદ્યોગપતિઓ વતી ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ રાજકોટ રેન્જ ડી.આઇ.જી તેમજ મોરબી એસ.પીનું અભિવાદન-સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી દુર્લભજી દેથરીયા, શ્રી પ્રકાશભાઈ વરમોરા, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ, રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય, રાજકોટ રેન્જ ડીઆઇજી શ્રી અશોક કુમાર, મોરબી જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રાહુલ ત્રિપાઠી તેમજ વિવિધ ઉદ્યોગ એસોસિયેશનના પ્રતિનિધિશ્રીઓ તેમજ વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જોડીયા રાજપુત સમાજના તેજસ્વી તારલાઓની ચમકને JMJ ગ્રુપના MD મયુરધ્વજસિંહ જાડેજા કરશે ઉજાગર

## સમાજના તેજસ્વી તારલાઓને બિરદાવવા તથા પ્રોત્સાહિત કરવા સમાજના 'નૂર' મયુરધ્વજસિંહ ન્યોછાવર



રાજકોટ, તા. ૧૮ઃ કહેવાય છે કે, હિરાની ચમકને એક જોહરી એટલે કે પારંગત હોય તે જ સમજી શકે છે અને ઉજાગર કરી શકે છે. જ્યારે બાળક ભણે અને તમાં અગ્રતા હાંસલ કરે ત્યારે તેને જો પ્રોત્સાહિત કરવામાં ન આવે તો તે મુરજાય જાય છે અને આ વાત સમાજના જે મૂરું રત્ન' હોય એ જ ભલિભાંતિ સમજી શકે છે. અને એટલે જ જોડિયા તાલુકા રાજપુત સમાજ દ્વારા આગામી તા. ૨૧ ડિસેમ્બરે યોજાનાર તેજસ્વી તારલાઓના સન્માન સમારંભ પાર પાડવાની અથથી ઈતિ સુધીની તમામ આર્થિક જવાબદારી રાજકોટ ઉંખઉં ગ્રુપના ખઉ મયુરધ્વજસિંહ જાડેજાએ ઉઠાવી છે. તા.૨૧મીએ સવારે ૯.૩૦ કલાકે જોડિયા તાલુકાના પડાણા ગામે આ કાર્યક્રમ પોજાનાર છે.

જેમાં મહેમાનોના સામૈયા બાદ શાસ્ત્રી જ્ઞાનવલ્લભદાસજી સ્વામિ (પૂર્વ મહંત શ્રી સ્વામિનારાયણ મંદિર, મુળી) આશિર્વચન પાઠવશે. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે રાજકોટના ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજા ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઠાકોર સાહેબે મયુરધ્વજસિંહ જાડેજાના આ કાર્યને વેગ આપીને વખાણ્યો છે. કાર્યક્રમનું ઉદ્ઘાટન મયુરધ્વજસિંહ જાડેજા તથા ઈન્દ્રવિજયસિંહજી રાઓલ (લાખણકા સ્ટેટ) કરશે. મુખ્ય મહેમાન તરીકે જામનગરના ધારાસભ્ય રીવાબા જાડેજા ઉપસ્થિત રહેશે અને અતિથિ વિશેષ તરીકે એમ.બી. જાડેજા (રિટાયર્ડ એમ.ડી., પીજીવીસીએલ), પરબતસિંહજી બી. જાડેજા (પ્રમુખ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, હરભમજીરાજ ગરાસીયા છાત્રાલય-રાજકોટ), ડો. જીગરસિંહજી જાડેજા (જાણીતા ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન-રાજકોટ), ડો. રાજેન્દ્રસિંહજી એસ. જાડેજા (કાર્યકારી પ્રમુખ જામનગર જિલ્લા રાજપુત સમાજ), વિજયસિંહજી જાડેજા (પડાણા, શ્રીરાજ સિક્યોરીટી-રાજકોટ), રણજીતસિંહજી રાજપુત (પોલીસ ઈન્સ્પેક્ટર-જોડિયા), કે.ડી. જાડેજા (પોલીસ સબ ઈન્સ્પેક્ટર), શક્તિસિંહજી જાડેજા (કોટડાનાપાણી, ભૂમિ ગ્રુપ-ગોંડલ) વગેરે મહાનુભાવો શોભા વધારશે.



આ સમગ્ર કાર્યક્રમની વિશેષતા એ છે કે, આ કાર્યક્રમમાં પ્રમુખ અરવિંદસિંહજી જાડેજા અને મંત્રી નરેન્દ્રસિંહજી જાડેજાએ રાજપુત સમાજના મોભીઓને પરંપરાગત પોશાક સાફો અને પાઘડી પહેરીને ઉપસ્થિત રહેવા અપીલ કરી છે.

# ગીર સોમનાથમાં ફિશરીઝ એકટની અમલવારી ન કરતા ૧૮ બોટના માલીકો સામે જાહેરનામા ભંગના ગુનાઓ નોંધાયા

■ **એસઓજી-મરીન પોલીસે એકટની અમલવારીને લઈ ચેકીંગ ડ્રાઈવ હાથ ધરતા અનેક પ્રકારની ગેરરીતિઓ સામે આવતા કાર્યવાહી કરી**


અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૬ઃ ગીર સોમનાથના દરીયામાં માછીમારો દ્વારા આચરવામાં આવતી લાલીયાવાડી અટકાવવાના હેતુસર એસઓજી બ્રાન્ચ અને મરીન પોલીસે સંયુક્ત ડ્રાઈવ હેઠળ ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં જીલ્લાના અરબી સમુદ્રમાં ગેરકાયદેસર રીતે નિયમોનું ભંગ કરી માછીમારી કરનાર ૧૮ જેટલી ફિશીંગ બોટોના માલીકો સામે ફિશરીઝ એકટના જાહેરનામા ભંગ બદલ ૧૫ જેટલા ગુનાઓ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગીર સોમનાથ જીલ્લાના લાંબા દરિયાકાંઠા વિસ્તારમાં ફીશરીઝ એકટનું કેવું પાલન થાય છે અને તેની અમલવારી કરાવવા હેતુસર પોલીસવડા મનોહરસિંહ જાડેજાની સુચનાથી એસઓજી પીઆઈ એન.બી.ચૌહાણ, પીએસઆઈ ઝાલા, લોહા, વાઘેલાના નેતૃત્વમાં સ્ટાફના દેવદાન કુંભારવડીયા, મેરામણ શામળા, ઈબ્રાહીમ બાનવા, પ્રતાપસિંહ ગોહિલ સહિતનાઓએ તા.૧૨ થી ૧૭ ડીસે. પાંચ દિવસ દરમ્યાન સોમનાથ મરીન તથા નવાબંદર મરીન પોલીસ સ્ટેશન હેઠળના બંદર વિસ્તારમાં બોટોમાં ચેકીંગની કામગીરી હાથ ધરી હતી.

આ કામગીરી દરમ્યાન અનેક ફિશીંગ બોટો ટોકન લીધા વગર દરીયામાં માછીમારી કરવા જઈ રહ્યાની, ટોકનમાં દર્શાવ્યા વગરના ઈસમોને સાથે લઈ જતા હોવા સહિત ફિશરીઝ એકટના જાહેરનામાનો ભંગ કરીને ગેરકાયદેસર રીતે દરીયામાં માછીમારી કરવા ૧૮ જેટલી બોટો ગઈ હોવાનું સામે આવ્યુ હતુ. જેના આધારે (૧) આદમ ઈસા મોવાણા-હીરાકોટ બંદર, સુત્રાપાડા (૨) મહેશભાઈ પ્રેમજીભાઈ વધાવી-વેરાવળ બંદર, (૩) જીતુભાઈ જાદવભાઈ સુયાણી-વેરાવળ બંદર, (૪) યોગેશભાઈ દેવજીભાઈ ગોહેલ- વેરાવળ બંદર, (૫) અરવીંદભાઈ પ્રેમજીભાઈ ડાલકી- વેરાવળ બંદર, (૬) અકરમ લાખાભાઈ રાડીયા- જાલેશ્વર વેરાવળ, (૭) જીતેન્દ્ર ખીમજી ફુલબારીયા - સુત્રાપાડા બંદર, (૮) ભાયદાસ જાદવ ફુલબારીયા - સુત્રાપાડા બંદર, (૯) કાસમ આરબ ઢોકી, મછીયારા-મુળદ્વારકા (૧૦) વિનોદ નથુ ગાવડીયા- મુળદ્વારકા (૧૧) નવાઝ રફીક મન્સુરી- નવાબંદર (૧૨) નજીમ રફીક મન્સુરી-નવાબંદર, (૧૩) વસીમ અબ્બાસ મન્સુરી- નવાબંદર (૧૪) મુસ્તાક અબ્દુલા ઢોકી- વેરાવળ, (૧૪) ભાવેશ ભીમા ચૌહાણ-સીમાર, (૧૬) કાના ભીમા ચૌહાણ-સીમાર, (૧૭) દિવ્યેશ પરેશ કોટીયા- વેરાવળ (૧૮) ઈશ્વર બાબુ પીઠડીયા- વેરાવળ વાળાઓ સહિત તમામ સામે ફીશરીઝ એકટના ભંગ બદલ કુલ ૧૫ જેટલા ગુનાઓ મરીન પોલીસમાં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીલ્લામાં પ્રથમ વખત ફિશરીઝ એકટની અમલવારી અંગે જીલ્લા પોલીસ તંત્રએ વ્યાપક ચેકીંગ હાથ ધરતા અમુક પ્રકારની લાલીયાવારી સામે આવતા પોલીસ તંત્ર સતર્ક બન્યુ છે. આવી ચેકીંગ ડ્રાઈવ સમયાંતરે કરવાનું નક્કી કર્યુ હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# વેરાવળમાં નિવૃત રેલકર્મી વૃધ્ધાના બેંક ખાતામાંથી ૧૭.૬૦ લાખની તરફડી કરનાર બંન્ને ઠગો ઝડપાયા

■ **રેલકર્મીને વિશ્વાસમાં લઈ કોલ કરવાને બહાને અવારનવાર ફોન લઈ જઈ પેટીએમ એપ ડાઉનલોડ કરી યુપીઆઈથી માતબર રકમ ટ્રાન્સફર કરી લીધેલ**





વેરાવળ, તા. ૧૮ઃ વેરાવળમાં રહેતા નિવૃત્ત રેલકર્મી વૃધ્ધા પાસેથી તેમનો મોબાઈલ ફોન કોલ કરવાના બહાને અવારનવાર લઈ જઈ પેટીએમ એપ્લીકેશન ડાઉનલોડ કરી તેમના બેંક એકાઉન્ટમાંથી યુપીઆઈ મારફત રૂ.૧૭.૬૦ લાખ જેવી રકમ અન્ય બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરી બે પાડોશી યુવકોએ છેતરપિંડી કરી હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાયેલ છે. જેને લઈ પોલીસે ગણતરીના કલાકોમાં બંન્ને શખ્સોને ઝડપી લીધેલ હતા. બંન્ને શખ્સોએ મોજશોખ પાછળ વૃધ્ધાની બચત રકમ ઉડાડી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ વેરાવળની હરસિધ્ધી સોસાયટીમાં રહેતા વિજયભાઈ મોકરીયાએ નોંધાવેલ પોલીસ ફરિયાદમાં જણાવેલ કે, તેઓને પૈસાની જરૂર હોવાથી તેમના માતા એવા નિવૃત રેલવેકર્મી કાંતાબેનને સાથે લઈ એસબીઆઈ બેંકમાં તેમના ખાતામાંથી રૂ.એક લાખની રકમ ઉપાડવા ગયા હતા. ત્યાં સ્લીપ ભરીને આપતા બેંકના કેશિયરને આપતા તેમના ખાતામાં માત્ર રૂ.૫૧,૪૦૯ ની રકમ હોવાનું જણાવતા તેમણે રૂ.૫૦ હજાર ઉપાડી લીધા હતા. ત્યારબાદ તેમણે માતાના બેંક એકાઉન્ટનું છેલ્ા એક વર્ષનું સ્ટેટમેન્ટ કઢાવતા માતાના મોબાઈલ નંબરના યુપીઆઈથી અલગ-અલગ બેંક ખાતામાં રૂ.૧૭.૬૦ લાખ જેવી માતબર રકમ ટ્રાન્સફર થઈ હોવાનું સામે આવ્યુ હતુ. જેને લઈ તેમણે માતા કાંતાબેનને પૂછતાં તેઓએ જણાવેલ કે, તેમના પાડોશમાં રહેતા સચીન રસિકભાઈ પટેલ તથા કૃણાલ વાઘેલા નામના બન્ને શખ્સો તેમની પાસેથી અવાર નવાર મોબાઈલ ફોન કોલ કરવા માટે લઈ જતા હતા. આ બન્નેએ કાંતાબેનની જાણ બહાર મોબાઈલ ફોનમાં પેટીએમ એપ્લીકેશન ડાઉનલોડ કરી મોબાઈલ દ્વારા તેમના ખાતામાંથી કટકે-કટકે રૂ.૧૭.૬૦ લાખની રકમ અલગ અલગ બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હોવાનું સામે આવ્યું હતુ. આ અંગે સચીન પટેલને પૂછતા તેમણે રકમ ટ્રાન્સફર કરી હોવાનું કબૂલાત આપી હતી. પોલીસને જાણવા મળતા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જરૂરીયાતમંદોની સેવા કરી વલસાડના વરિષ્ઠ પત્રકાર ઉત્પલભાઈ દેસાઈએ અનોખી રીતે ૬૧મો જન્મદિવસ ઉજવ્યો

- ભગોદ ગામે ૧૦ લાભાર્થીઓને સિલાઈ મશીન અને વ્હીલચેર સહિત રોજીરોટી માટે જરૂરી સાધન આપી મદદરૂપ થયા
- ઘણા લોકો પાસે સ્કિલ હોય છે પરંતુ સાધન હોતા નથી તેવા જરૂરીયાતમંદોને શોધી સહાય આપી પગભર કરવાનો પ્રયાસ કરૂ છું: ઉત્પલભાઈ દેસાઈ


રિપોર્ટઃ કાર્તિક બાવીશી

વલસાડ, તા. ૧૮ઃ મોટા ભાગના લોકો પોતાનો જન્મ દિવસ મોજશોખ કરી ઉજવતા હોય છે પરંતુ વલસાડ જિલ્લાના વરિષ્ઠ પત્રકાર અને સંદેશના બ્યુરોચીફ શ્રી ઉત્પલભાઈ દેસાઈએ પોતાના ૬૧માં જન્મ દિવસની અનોખી ઉજવણી સેવાયજ્ઞ સાથે કરી લોકોને પ્રેરણા આપી છે. ધર્મપત્ની વૈશાલીબેન દેસાઈ અને પરિવારના સભ્યો તેમજ પત્રકાર મિત્રોની ઉપસ્થિતિમાં ઉત્પલભાઈએ વલસાડ તાલુકાના ભગોદ ગામમાં સ્થિત ફાર્મ હાઉસ ખાતે વલસાડ, ધરમપુર અને પારડી તાલુકાના ગામોમાં રહેતા ૧૦ જરૂરીયાતમંદ લાભાર્થીઓને ૫ સિલાઈ મશીન, બે વ્હીલ ચેર, બે વોકર, બે વજન કાંટા, ૧ પ્રિન્ટર, ૧ ચેઈન ફિક્ષર મશીન અને એક પેકિંગ મશીનનું વિતરણ કરી ‘‘જનસેવા એ જ પ્રભુ સેવા’’ની ઉક્તિ સાર્થક કરી છે.

વલસાડના વરિષ્ઠ પત્રકાર ઉત્પલભાઈ દેસાઈએ જણાવ્યું કે, સેવાકીય પ્રવૃત્તિની પ્રેરણા મને મારા માતાપિતા તરફથી વારસામાં મળી છે. સેવા કાર્યો કરવાથી આનંદ તો મળે જ છે સાથે મન પણ મક્કમ બને છે જેનાથી અનેક સેવાકીય કાર્યો કરવાનું બળ મળે છે. હકીકતમાં જોઈએ તો પત્રકાર ક્યારેય નિવૃત્ત થતો નથી. ૬૦ વર્ષ બાદ પણ તે પોતાની કલમથી સમાજની નિરંતર સેવા કરતો રહે છે. અનેક જરૂરીયાતમંદો એવા છે કે તેમની પાસે સ્કિલ હોય છે પરંતુ જરૂરી સાધન હોતા નથી જેથી ધરમપુરના પ્રથમ ચેરીટેબલ ટ્રસ્ટ અને બીનવાડાના શ્રી સાંઈનાથ ચેરીટેબલ ટ્રસ્ટના સહકારથી જરૂરીયાતમંદોને શોધી તેઓ પગભર થઈ સન્માનપૂર્વક જીવન જીવે તેવા લક્ષ્ય સાથે આ સેવાયજ્ઞ વર્ષ ૧૯૯૭થી ચલાવી રહ્યો છું. અનેક લોકોને પગભર થયેલા જોઈને આનંદ અનુભવુ છું.

આ પ્રસંગે મહારાજ જીતેન્દ્રભાઈ ઉર્ફે લાલુભાઈ શુકલાએ સંકષ્ટ ચોથ નિમિત્તે વેદ મંત્રોચ્ચાર સાથે ગણેશ યજ્ઞ કરી ઉત્પલભાઈને જન્મદિવસે આશીષ વચન આપી તેમના સેવાયજ્ઞને બિરદાવ્યો હતો. લાભાર્થીઓએ તંદુરસ્ત, દીર્ઘાયુ અને આનંદમય જીવન જીવે એવી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે પત્રકાર મિત્રો બ્રિજેશ પાંડે, કમલેશ હરિયાવાલા, કાદર હાસમાની, તેજસ દેસાઈ, મયુર જોશી, પ્રિયાંક પટેલ, સરોધી ગામના સામાજિક કાર્યકર રાજેશભાઈ પટેલ, અંગીરષભાઈ દેસાઈ, સુનિલભાઈ દશોંદી અને જિલ્લા માહિતી કચેરીનો સ્ટાફ સહિત સ્નેહીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૭થી શ્રી ઉત્પલભાઈ દેસાઈ પોતાના જન્મ દિવસની ઉજવણી સેવાકીય પ્રવૃત્તિની સુવાસ પ્રસરાવી કરી રહ્યા છે. આ વર્ષો દરમિયાન તેમણે અનેક લોકોને રોજગારીના સાધનો, ૪ વિધવા મહિલાઓને સ્વખર્ચે આવાસ બનાવી આપ્યા, ગરીબ બાળકોની સ્કૂલ ફી- રમત ગમતના સાધનો, છેલ્લા ૭ વર્ષથી દર મહિને જરૂરીયાતમંદોને અનાજની કીટ અને મેડિકલ સહાય તેમજ દિવ્યાંગોને ટ્રાયસિકલ અને વ્હીલચેર સહિતની વસ્તુઓ ભેટ સ્વરૂપે આપી તેઓના જીવનમાં ખુશી રેલાવી સાંપ્રત સમયમાં અનેક લોકો માટે પ્રેરણાદાયી બન્યા છે.



# ગીરના રીસોર્ટમાં ચાલતી મહેફિલો પર LCBનો સપાટો

**■ ગીરના ચિત્રોડ નજીકના ‘સ્વાગત રિસોર્ટ’ અને સાંગોદ્રા નજીકના ‘ધ ગીર પલ્સ રિસોર્ટ’ માં દરોડા પાડી બંન્ને રીસોર્ટના સંચાલકો સહિત પોરબંદર, રાજકોટના ૧૨ નશાખોરો રંગેહાથ ઝડપાયા**



વેરાવળ, તા. ૧૮: ગીર પંથકના રીસોર્ટ ફાર્મ હાઉસોમાં ચાલતી દારૂની મહેફીલો સહિતની ગેરકાયદે પ્રવૃત્તિઓ પર જીલ્લા ક્રાઇમ બ્રાન્ચે ઘોસ બોલાવી છે. ગતરાત્રીના ગીર પંથકના રલબે રીસોર્ટ પર દરોડો પાડી પોરબંદર, રાજકોટ, ધોરાજીના નશાખોરોને દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપી લઈ તમામને જેલ હવાલે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા ચકચાર પ્રસરી છે.

સાસણ અને તાલાલા ગીરના જુદા જુદા ગામોમાં અસંખ્ય ફાર્મ હાઉસો અને રીસોર્ટ ધમધમી રહ્યા છે. જેમાંના ઘણાં રીસોર્ટ તેમજ ફાર્મ હાઉસોમાં સંચાલકો દ્વારા વિદેશી દારૂની મહેફિલો માટે સગવડતા કરી આપી ગ્રાહકોને આકર્ષે છે. છેલ્લા અમુક વર્ષોથી આવી પ્રવૃત્તિનું દુષણ દિન પ્રતિદિન વધી રહ્યુ છે અમુક અમુક રિસોર્ટના બદલે હવે આ દુષણ વ્યાપક પ્રમાણમાં વધી રહ્યું છે. ત્યારે સમયાંતરે આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર કાર્યવાહી કરવામાં આવતી હોય છે આમ છતાં આ દુષણને જળ મૂળથી ડામવું અઘરું બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. આગામી દિવસોમાં નાતાલ અને થર્ટી ફર્સ્ટ આવી રહી છે ત્યારે ગીર પંથકના ફાર્મ હાઉસો અને રીસોર્ટમાં આવી પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા જીલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા દ્વારા કડક નિર્દેશ આપવામાં આવ્યા છે.

જે અંતર્ગત જીલ્લા ક્રાઇમ બ્રાન્ચ દ્વારા આવી પ્રવૃત્તિ પર બાઝ નજર રાખવામાં આવી રહી છે. ગત રાત્રીના એલસીબી પી.આઈ એ.બી.જાડેજા, પીએસઆઇ એ.એસ. સિંધવ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. ત્યારે સાસણ ગીર નજીક ચિત્રોડ ગામની સીમમાં આવેલ સ્વાગત રીસોર્ટમાં દરોડો પાડતા વિદેશી દારૂની મહેફિલ માણતા રીસોર્ટ સંચાલક જેતપુરના રામજી મંદીર પાછળ રહેતો ૩૩ વર્ષીય વાણંદ પ્રશાંત જયસુખભાઈ ભટ્ટી, રાજકોટના નાન મવા સર્કલ નજીક રહેતા અને હોટલ વ્યવસાય ધરાવતા ૫૭ વર્ષીય પટેલ વિઠ્ઠલભાઈ ડાયાભાઈ અમીપરા, રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા ૪૩ વર્ષીય વેપારી પટેલ બિપીન મોહનભાઈ, રાજકોટ કોટડાસાંગાણીના પડવલા ગામે રહેતા દરબાર સહદેવસિંહ ચંદુભા જાડેજા, મહેન્દ્ર દેવજીભાઈ ચૌહાણ, પોરબંદરમાં આશાપુરા ચોકડી નજીક રહેતા ખારવા રમેશભાઈ જાદવભાઈ વાંદરીયા, ખારવા હિતેષભાઈ મેઘજીભાઈ બાદરશાહી, ખારવા નારણભાઈ બાબુભાઈ સલેટ, ખારવા નિલેશ માવજીભાઈ લોઢારી વિદેશી દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા. આવી જ રીતે સાંગોદ્રા ગામના પાટીયા પાસે બોરવાવ ગીર ગામ ની સીમમાં આવેલ ધ ગીર પલ્સ નામના રીસોર્ટમાં દરોડો પાડતા રિસોર્ટ સંચાલક સાસણ ગીરના ખડાનેસનો ૨૧ વર્ષીય યુવક રબારી ભરત હાજાભાઈ મુછાળ રબારી, તાલાલાના ગુંદરણ ગામે માલધારી વસાહતમાં રહેતા રબારી સુરેશ રામભાઈ કરમટા અને રિસોર્ટમાં નોકરી કરતો રાજકોટના કોઠારીયા રોડ સુરભી પાર્ક-૧ માં રહેતો વાળંદ પરેશ મનસુખભાઈ કાલાવાડીયા વિદેશી દારૂની મહેફિલ માણતા રંગેહાથ ઝડપાઈ આવ્યા હતા.

## PMJAY કૌભાંડમા નવા નવા ખુલાસા

# રાજકોટની સ્વસ્તિક હોસ્પિટલ સોનોગ્રાફી રિપોર્ટમા ચેડાં કરતી હતીઃ સસ્પેન્ડ

રાજકોટ, તા.૧૮

ડખઉંઅઢ-મા યોજના અંતર્ગત ગેરરિતી બદલ નવા નવા ખુલાસા સામે આવ્યા છે. ગત અઠવાડિયામાં ૨ હોસ્પિટલ સસ્પેન્ડ અને ૨ને પેનલ્ટી આપવામાં આવી છે.

રાજકોટની ૨ હોસ્પિટલ સસ્પેન્ડ, ભરૂચ અને વડોદરાની હોસ્પિટલની ગેરરીતિ સામે આવી છે. રાજકોટની સ્વસ્તિક હોસ્પિટલમા સોનોગ્રાફી રિપોર્ટમા ચેડાં થતાં હોવાનું સામે આવ્યું છે. ટ્યુબર બોર્ડના સર્ટીફિકેટના સહી સિક્કામાં છેડછાડ, સર્જરી માટેની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન,બી.યુ. અને ફાયર સેફ્ટી સર્ટિફિકેટના અભાવ અને સોનોગ્રાફીની પ્લેટ સાથેના છેડછાડ સહિતના કારણોસર હોસ્પિટલ્સને સસ્પેન્ડ કરાઈ તેમજ દંડ ફડકારવામાં આવ્યો છે. બે હોસ્પિટલમાં કુલ રૂ. ૩.૨૮ કરોડ થી વધુની રકમની પેનલ્ટી ફટકારાય છે. રાજકોટની ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ અને સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી



હોસ્પિટલને વિવિધ ત્રુટીઓ જણાતાં સસ્પેન્ડ તેમજ ભરૂચની જયાબેન મોદી હોસ્પિટલ અને વડોદરાની બેન્કર્સ સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ગેરરીતિ બદલ પેનલ્ટી કરાઈ છે.

રાજકોટની સ્વસ્તિક મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ઇનસ્યોરન્સ કંપની દ્વારા ઓડિટ કરવામાં આવ્યું હતુ. જેમાં કુલ ૧૯૬ કેસમાં ઞજીઞ(અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી) પ્લેટ અને ઇંડઉ (હિસ્ટોપેથોલોજીકલ એક્ઝામીનેશન) રીપોર્ટમાં છેડછાડ જોવા મળેલ હતી.

જેના પરિણામે હોસ્પિટલને યોજનામાંથી સસ્પેન્ડ કરવામાં આવેલ છે અને હોસ્પિટલ મેનેજમેન્ટ દ્વારા જો કોઈ અન્ય હોસ્પિટલ કાર્યરત હશે તો તેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.યોજનાની માર્ગદર્શિકા મુજબ કુલ રૂ.૨,૯૪,૯૦,૦૦૦/- પેનલ્ટી કરવામાં આવેલ છે. ઉકત ક્ષતિઓ સાથે સંલગ્ન સ્પેશ્યાલીસ્ટ ડો.રાજેશ કંડોરીયાને યોજનામાંથી બરતરફ કરવામાં આવેલ છે.

**ઉપલેટાની ક્રિષ્ના સર્જીકલ સહિત ચાર હોસ્પિટલમાં ગેરરીતિનો ખુલાસો બે સસ્પેન્ડ, બેને પેનલ્ટી**


રાજકોટની જ ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલનું બી. યુ. સર્ટીફીકેટ અને ફાયર એન.ઓ.સી. ઊક્ષ્રશચિમ થઈ ગયું હોવાનું ધ્યાને આવ્યું. તદઉપરાંત હોસ્પિટલ પાસે અઊછ્ઈ સર્ટીફિકેટ પણ ન હતું. યોજનાની માર્ગદર્શિકા અનુસાર હોસ્પીટલમાં જરૂરી મેનપાવર હાજર ન હતા. હોસ્પીટલમાં ઈઈઅમાં સ્વચ્છતા બાબતે અભાવ જોવા મળેલ હતો. ઓટી નોટ અને અક્ષયતવિંયતશફ નોટ માં ડોકટર દ્વારા દર્શાવેલ માહિતીમાં વિસંગતા જોવા મળેલ હતી.જે બદલ ક્રિષ્ના સર્જીકલ હોસ્પિટલ - ઉપલેટા ને યોજના અંતર્ગત ઉકત ક્ષતિઓની પૂતર્તા ન થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવામાં આવી.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.19/12/2024 THURSDAY


# યુએલસીના પ્લોટમાં ખડકાયેલા બાંધકામોને દૂર કરવા રાજકોટ કલેકટર પ્રભવ જોશીની આકરી કાર્યવાહી



યુએલસીના પ્લોટ માં ખડકાયેલા બાંધકામોને દૂર કરવા રાજકોટ કલેકટર પ્રભવ જોશી ની આકરી કાર્યવાહી કરવામાં આવી હતી. રાજકોટના રૈયા રોડ પાસે આવેલ રામ પાર્કમાં સરકારી યુએલસીના પ્લોટ માં ખડકાયેલા બાંધકામોને આજરોજ સિટી મામલતદાર દ્વારા નોટિસ પાઠવવામાં આવી હતી જેમાં યુએલસીના પ્લોટ માં ખડકાયેલા બાંધકામોને દૂર કરવા આજરોજ મામલતદાર દ્વારા નોટિસો પાઠવવામાં આવી હતી


મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,
રાજકોટ શહેર (પશ્ચિમ)
આત્મીય કોલેજ સામે, કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫
ફોન નં. ૦૨૮૧-૨૪૫૨૮૧૧, ફેક્સ નં.૦૨૮૧-૨૪૫૨૮૧૦

સમયમર્યાદા / મુદતી
નં. જમન/દબાણ/ફા.નં.૨૧૦/૨૦૨૪
તા.૧૭/૧૨/૨૦૨૪

- : : નોટીસ : : -

મામલતદાર
રાજકોટ શહેર (પશ્ચિમ)

તા. ૧૭/૧૨/૨૦૨૪

## ફાજલ - કોર્પો.ના ખુલ્લા પ્લોટને ફેન્સીંગ કરવા કલેકટરનો આદેશ

રાજકોટ,તા.૧૮

બોગસ દસ્તાવેજ કૌભાંડના પગલે જીલ્લા કલેકટર તંત્રે એકશનમાં આવી ધડાધડ પગલા લેવાનું શરૂ કરી દીધુ છે. જેમાં હવે રાજકોટ શહેરના મ્યુનિ. કોર્પો.ના ખુલ્લા પ્લોટો તેમજ યુએલસીની ફાજલ જમીનને ફેન્સીંગ કરી સુરક્ષીત કરવા જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આદેશ કરી દેવામાં આવેલ છે.જેના પગલે જીલ્લાભરમાં તાકીદના ધોરણે અધિકારીઓ દ્વારા મ્યુનિ. કોર્પો. અને સરકારી જમીનને સુરક્ષીત કરવા માટે કામગીરી આરંભી દેવામાં આવી છે. આવી યુએલસીની ફાજલ જમીનો-પ્લોટોને સુરક્ષીત કરવાની સાથે તેમાં માલીકી દર્શાવતા બોર્ડ મુકવા પણ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા તાકીદ કરવામાં આવેલ છે.રાજકોટમાં મ્યુનિ. કોર્પો.ના જ માત્ર ૧૫૦૦ જેટલા ખુલ્લા પ્લોટો આવેલ છે. જયારે જીલ્લામાં યુએલસીની સરકારી ફાજલ જમીનોના પ્લોટોની સંખ્યા ખુબજ મોટી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા જીલ્લામાં યુએલસીની ફાજલ જમીનોના પ્લોટો અને તેના પર થયેલા દબાણોની માહિતી ડે.કલેકટરો, પ્રાંત અધિકારીઓ અને મામલતદારો પાસેથી તાબડતોબ મગાવવામાં આવી હતી.જે બાદ હવે જીલ્લામાં યુએલસીની જમીનના ફાજલ પડેલા પ્લોટોને ફેન્સીંગ કરી સુરક્ષીત કરવા માટે કલેકટર પ્રભવ જોશી દ્વારા ડેપ્યુટી કલેકટરો, પ્રાંત અધિકારીઓ, મામલતદારો અને ડીઆઈએલઆરને આદેશ કરી દેવામાં આવેલ છે. કલેકટરના આ આદેશના પગલે રાજકોટના કોઠારીયા સહિતના વિસ્તારો તેમજ જીલ્લામાં યુએલસીની ફાજલ પડેલી જમીનના પ્લોટોને ફેન્સીંગ કરવાની કામગીરી આરંભી દેવામાં આવેલ છે.

# બે સરકારી પરીક્ષા માટે ST ૪ હજારથી વધુ ટ્રીપો દોડાવશે

## ૧૦૦થી વધુ એક્સ્ટ્રા બસો પણ મૂકાશેઃ જીએસટીમાં ઈન્સ્પેકટરોની તા.૨૨મીએ પરીક્ષાઃ ૧.૩૦ લાખ ઉમેદવારોઃ ST માં ૩૫,૨૨૧ કંડકટરોની ભરતી માટે તા.૨૯મીએ પરીક્ષા લેવાશે એસ.સી./એસ.ટી. ઉમેદવારોને ફ્રી મુસાફરીનો લાભ

રાજકોટ,તા.૧૮

ચાલુ માસ દરમ્યાન આગામી તા.૨૨/૧૨ અને ૨૯/૧૨ના રોજ રાજયભરમાં જીએસટી ઈન્સ્પેકટરો અને એસટીના કંડકટરો માટે પરીક્ષા લેવામાં આવનાર છે અને આ પરીક્ષામાં ઉમેદવારો સરળતાથી અવર જવર કરી શકે તે માટે એસટી નિગમ રેગ્યુલર ૪થી ૫ હજાર ટ્રીપો ઉપરાંત વધારાની ૧૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવનાર છે. અત્રે ઉલ્લેખનિય છે કે ૩૫,૨૨૧ કંડકટરોની ભરતી માટેની પરીક્ષા તા.૨૯/૧૨નાં રોજ રાજ્યનાં ૬૭ કેન્દ્રો ઉપર લેવાનાર છે.

જયારે જીએસટી ઈન્સ્પેકટરોની ભરતી પરીક્ષા તા.૨૨/૧૨નાં રોજ રાજયના ૭૫૪ સેન્ટરો ખાતે લેવાનાર છે અને આ પરીક્ષામાં ૧.૩૦ લાખ ઉમેદવારો છે. આ બન્ને પરીક્ષાનાં ઉમેદવારો પરીક્ષા કેન્દ્ર સુધી અવર જવર કરી શકે તે માટે એસટી નિગમે ખાસ વ્યવસ્થા કરી છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની જગ્યા ઉપર ભરતી કરવા માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ જગ્યાની પ્રિલિમરી કસોટીનું આયોજન તા.૨૨/૧૨/૨૦૨૪



રવિવારના રોજ સવારે ૧૧થી ૧ દરમિયાન રાજયના કુલ ૩૩ જિલ્લાઓના કુલ ૭૫૪ પેટા કેન્દ્રો ખાતે કરવામાં આવેલ છે.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા તા.૨૨ના રોજ આયોજીત થનાર પરીક્ષા દરમિયાન નિગમની નિયમીત સર્વિસ સમયસર સંચાલીત થાય તેમજ જરૂર જણાયે પરીક્ષાર્થીઓના ટ્રાફીક પ્રમાણે ધ્યાને લઈ વધારાની એક્સ્ટ્રા સર્વીસ સંચાલીત કરવા તેમજ માર્ગમાં જે તે સ્ટેન્ડ ઉપરથી મુસાફરોને બસમાં લેતી વખતે પરીક્ષાર્થીઓને અગ્રીમતા આપવા નિગમના તમામ વિભાગ અને ડેપોને ખાસ સુચનાઓ આપેલ છે.

તેમજ નિગમની કંડકટર કક્ષાની ઓએમઆર આધારીત લેખીત પરીક્ષાનું આયોજન આગામી તા.૨૯/૧૨ રવિવારના રોજ આયોજન હાથ ધરેલ હોય નિગમની અમલી જોગવાઈ અંતર્ગત તા.૨૯/૧૨ રવિવારના દિવસે ગુજરાત રાજયના અલગ અલગ સ્થળોએથી કંડકટરની પરીક્ષા આપવા આવતા ફકત એસટી એસસી ઉમેદવારોને નિગમ દ્વારા રહેઠાણથી પરીક્ષા કેન્દ્ર સુધી અને પરીક્ષા કેન્દ્રથી રહેઠાણ સુધી આવવા જવા માટે એસટી બસમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવાનો નિર્ણય એસટી નિગમ દ્વારા કરવામાં આવેલ છે.

જે માટે નિગમ દ્વારા પોતાના તાબા હેઠળના તમામ વિભાગો, ડેપો અને સંચાલનમાં રહેલ સ્ટાફને પરીક્ષાના દિવસે ઉમેદવારોને કોઈ અગવડતા કે મુશ્કેલીઓ ન થાય તેમજ કોઈ ફરીયાદ ઉપસ્થિત ન થાય તે બાબતને ધ્યાને લઈ તમામ વિભાગોને સુચના આપવામાં આવેલ છે.ફ્રી મુસાફરોનો લાભ ફકત તા.૨૮/૧૨ અથવા ૨૯/૧૨ રહેઠાણથી પરીક્ષા સ્થળ પરીક્ષા સ્થળથી રહેઠાણ સુધી આવવા જવા પુરતો જ આપવામાં આવનાર છે. એસટી બસમાં મફત મુસાફરી માટેનો પાસ (ફકત એસટી એસસીના ઉમેદવારો માટે છે. (ઉમેદવારે પોતાનું પુરૂ નામ લખવું) ને કોલલેટરમાં દર્શાવેલ કંડકટર કક્ષા માટે ઓએમઆર પરીક્ષામાં આપવા માટે તા.૨૮/૧૨ અથવા કેન્દ્રની રહેઠાણના સ્થળ સુધી પરત જવા બસમાં મુસાફરી માટે આ ફ્રી પાસ આપવામાં આવશે. જેના આધારે તેમને બસમાં મફત મુસાફરી કરવા દેવાશે.

ફ્રી પાસનો ઉપયોગ એક જ વખત આવવા જવા માટે ઓર્ડીનરી એકસપ્રેસ બસમાં થઈ શકશે તથા મુસાફરી, સમયે એસસી એસટી જાતીનું અસલ પ્રમાણપત્ર તથા ઉમેદવારનો કોલલેટર ફરજ પરના કંડકટરને બતાવવાનું રહેશે.

---

## મકરસંક્રાંતિ નિમીતે સમગ્ર રાજ્યમાં કતલખાનાઓ બંધ રાખવા મુખ્યમંત્રીને મિતલ ખેતાણીની રજૂઆત

રાજકોટઃમકરસંક્રાંતિ હિન્દુ ધર્મનો મહત્વપૂર્ણ તહેવાર છે. તેને શુભ કાર્યો માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ સમયગાળો દાન, પુણ્ય અને યાત્રાઓ માટે ઉત્તમ માનવામાં આવે છે. આ પવિત્ર તહેવાર નિમિત્તે લોકોની ભાવનાઓને હાનિ ન પહોચે તે માટે હિન્દુ ધર્મના અતિ પવિત્ર તહેવાર મકરસંક્રાંતિ નિમીતે સમગ્ર રાજયમાં કતલખાનાઓ બંધ રાખવા, માંસ મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા અંગે તમામ રાજયના મુખ્યમંત્રીશ્રીને મિતલ ખેતાણી દ્વારા રજૂઆત કરવામાં આવી છે. આ સાથે જ માંસ, મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ પર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા ભારત સરકારના પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર સમિતિ સભ્ય મિતલ ખેતાણી દ્વારા તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને રજૂઆત કરવામાં આવી છે.

---

# ધર્મેન્દ્ર રોડ સહિતના વિસ્તારોમાં ૧૫ મિલ્કત સીલ

### કડીયા નવલાઇન, શિરોમણી કોમ્પ્લેક્ષ, પંચનાથ, ભીલવાસ, ગુંદાવાડી, ઢેબર રોડ પર કાર્યવાહી

રાજકોટ, તા.૧૯

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખાએ આજે રીકવરી ઝુંબેશમાં ૧૫ મિલ્કતોને સીલ માર્યા હતા. તો આઠ મિલ્કતને જપ્તી નોટીસ સાથે ત્રણ નળ કનેકશન કાપતા બપોર સુધીમાં ૪૧.૭૦ લાખની રીકવરી થઈ હતી. આજે વોર્ડ નં.૪ મોરબી રોડની શાનદાર રેસીડેન્સીમાં ૫૭ હજારના બાકી વેરા માટે દુકાનને સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૫ રણછોડનગરમાં ગુરૂકૃપા નજીક અને સંત કબીર રોડ પર ન્યુ ગાંધી સ્મૃતિ સોસાયટીમાં બે નળ જોડાણ કાપતા ચેક જમા થયા હતા. કુવાડવા રોડ પર રાજા રણછોડ અને પેડક રોડ, ટાગોર વિદ્યાલય સામે સીલની કાર્યવાહી વચ્ચે ચેક આવ્યો હતો.

વોર્ડ નં. ૭માં કવિ નાનાલાલ



માર્ગ પર શિરોમણી કોમ્પ્લેક્ષ-૩માં પ્રથમ માળે બે ઓફિસ, બીજા માળે ત્રણ ઓફિસને બાકી વેરા બદલ સીલ મરાયા હતા. ધર્મેન્દ્ર રોડ પર કડીયા નવલાઇનમાં યોગી સ્મૃતિ બિલ્ડીંગમાં ત્રીજા માળે બે ઓફિસ સીલ કરી દેવાઇ હતી. પંચનાથ પ્લોટ-૧૫માં રજકણ બિલ્ડીંગમાં પ્રથમ માળે ઓફિસ અને સદર ભીલવાસમાં સ્પેકટ્રમ બિલ્ડીંગમાં એક ઓફિસને સીલ મારી દેવાયા હતા.

વોર્ડ નં.૮માં ૧૫૦ ફુટ રોડ પર નક્ષત્ર-૧, કોટેચા ચોક નજીક અનંત વર્ક સ્પેસમાં શોરૂમ, ૧૫૦ ફુટ રોડ, ભાટીયા સિલ્ક હાઉસ નજીક, ભકિતધામ સામે, કેકેવી પાસે સ્પેસ ઓડીસી, નાનામવા રોડ પર પાન એમ્પાયરમાં સીલીંગની કાર્યવાહી કરતા ચેક જમા થયા હતા. વોર્ડ નં.૧૩ના ગોંડલ રોડ પર મુરલીધર મોટર્સે વેરો જમા કર્યો હતો. તો ગોંડલ રોડ પર બ્લુ ડાર્ટ એકસપ્રેસ કંપનીએ પણ રૂા. ૩ લાખ ભર્યા હતા.

વોર્ડ નં.૧૪માં ગુંદાવાડીના ગોલ્ડ સેવન અને ઢેબર રોડના રોયલ કોમ્પ્લેક્ષમાં સીલ મારવામાં આવ્યા હતા. વોર્ડ નં.૧૫ આજી વિસ્તારમાં એક નળ કનેકશન કપાયું હતું. વોર્ડ નં.૧૬ હુડકો, વોર્ડ નં.૧૮ કોઠારીયા રોડ પર સીલીંગ કાર્યવાહી વચ્ચે ચેક જમા થયા હતા. આજે બપોર સુધીમાં વેરાની આવક ૩૨૪.૬૮ કરોડ થઈ હતી.

---

## આજે કલેટરનું બોર્ડઃ ૨૮ કેસો દબાણ સહિતના કેસોની થશે સુનાવણી



રાજકોટઃ રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આવતીકાલે તા.૧૯ને ગુરૂવારે બપોરે મહેસુલી કેસોનું અપીલનું ખાસ બોર્ડ આયોજિત કરવામાં આવેલ છે.કલેકટરના આ બોર્ડમાં ૨૮ જેટલા અપીલના કેસોનું હિયરીંગ કરવામાં આવનાર છે. કલેકટર કચેરીમાં દર ગુરૂવારે આયોજિત કરાતા આ બોર્ડમાં અત્યાર સુધીમાં મોટાભાગના પેન્ડીંગ કેસોનો નિકાલ કરી દેવામાં આવેલ છે. આવતીકાલે યોજનારા આ બોર્ડમાં શેઢા તકરાર, દબાણ સહિતના ૨૮ કેસોનું હિયરીંગ કરવામાં આવનાર છે.

# કાલે ગાંધીનગરમાં યોજાશે કલેક્ટર - DDO કોન્ફરન્સ ચિંતન શિબીર મોકુફ

## ગ્રામસ્વરાજની ચૂંટણી તેમજ મહેસુલ-પંચાયતી કામગીરી અંગે થશે ચર્ચા



રાજકોટ, તા.૧૯

રાજકોટ સહિત રાજયભરના કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સ આગામી તા.૨૦ને શુક્રવારે ગાંધીનગર ખાતે આયોજિત કરવામાં આવી છે. જેના પગલે તા.૨૦ના રોજ રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશી દ્વારા તા.૨૦ના યાત્રાધામ ઘેલા સોમનાથ ખાતે યોજાનાર રાજકોટ જિલ્લાની ચિંતન શિબિર મોકુફ રાખી દેવામાં આવી છે. ચિંતન શિબિરની નવી તારીખ હવે પછી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે.

તા.૨૦ના ગાંધીનગર ખાતે યોજાનાર કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની કોન્ફરન્સમાં ભાગ લેવા માટે કલેક્ટર પ્રભવ જોશી જનાર હોય ચિંતન શિબિર હાલ મોકુફ રાખી દેવામાં આવી છે.ગ્રામ સ્વરાજની ચૂંટણીનું જાહેરનામું આગામી ટુંક સમયમાં પ્રસિધ્ધ થનાર હોય તા.૨૦ના ગાંધીનગર ખાતે યોજાનારી કોન્ફરન્સમાં ગ્રામ સ્વરાજની ચૂંટણી બાબતે તેમજ મહેસુલ અને પંચાયત વિભાગની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવનાર છે.

આ ઉપરાંત આ કોન્ફરન્સમાં રેવન્યુ કામગીરીની સમીક્ષા થશે તેમજ દબાણો અને મહેસુલી પંચાયતી કામગીરીનો રિપોર્ટ પણ સચીવ દ્વારા લેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

### જીવરાજપાર્કમાં સાનિધ્ય રેસીડેન્સી સામેની ખુલ્લી જગ્યામાં બિલ્ડરો દ્વારા

# ફેલાવાતી ગંદકી મામલે રહીશો કલેક્ટર કચેરીમાં ઉમટયા



## પગલા લેવા માટે મ્યુ.કોર્પોએ હાથ ઉચા કરી દેતા આવેદનપત્ર અપાયું

રાજકોટ,તા.૧૮

જીવરાજ પાર્કમાં સાનિધ્ય રેસીડેન્સી સામેની ખુલ્લી જગ્યામાં બિલ્ડરો અને તેના કોન્ટ્રાકટરો દ્વારા ગંદકી ફેલાવાતી હોવાની ફરિયાદ સાથે આ વિસ્તારના રહીશોએ આજે કલેકટર કચેરીમાં ઉમટી પડી આ મામલે કલેકટર મંત્રીને આવેદનપત્ર સુપ્રુત કરી રજૂઆત કરી હતી.સાનિધ્ય રેસીડેન્સીના ફ્લેટ ધારકોએ જણાવ્યું હતું કે સાનિધ્ય ૨૫૪ ના રેસીડેન્સીયલ પ્રોજેક્ટમાં સર્વે ફ્લેટ ધારક રહેણાંક ધરાવે છે ટોટલ ત્રણ વિંગ છે તેમાં ૧૩૦ ફ્લેટ ધારકો રહે છે. અમારા રહેણાંક બિલ્ડીંગ ની સામે અને જમણી બાજુમાં ઓરબીટ ગાર્ડન નામના પ્રોજેક્ટ નું કધસ્ટ્રક્શન કામ ચાલુ છે. તેમના કોન્ટ્રાક્ટરના માણસો અમારી સામેની ખુલ્લી જગ્યામાં ગંદકી ફેલાવે છે બહુ બધો કચરો ફેંકે છે તેમજ ખુલ્લામાં સંડાસ- બાથરૂમ કરે છે. અમે જે તે સમયે કોર્પોરેશનને પણ જાણ કરેલ કોર્પોરેશન દ્વારા અમને કહ્યું કે તે જગ્યા કલેકટર સાહેબની છે બહુ બધા વૃક્ષોને પણ નુકસાન કરે છે.

આ બાબતે અમે અવારનવાર બિલ્ડર સાથે પણ રકજક કરેલ છે તેઓએ હજુ સુધી અમલ કર્યો નથી આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી સાહેબના કહેવા પ્રમાણે ‘‘સ્વચ્છ ભારત‘‘નું કોઈ મૂલ્ય આમાં રહેતું નથી આ જગ્યા સરકારી છે સરકારી જગ્યામાં મજૂરોને રહેવા દઈ કોર્પોરેશન બિલ્ડરને સાવરવામાં આવતા હોવાની રજૂઆત રહેવાસીઓ દ્વારા કલેક્ટરને આજે કરવામાં આવી હતી.

# રમકડાની જાણીતી વેપારી પેઢી સિમંધરમાં રાજકોટ જી.એસ.ટી. વિભાગની તપાસ

## પેઢીની ત્રણ દુકાનો અને ગોડાઉનમાં સ્ટોક ડિફરન્સ અને ખરીદ–વેંચાણની ચકાસણી સતત ૨૪ કલાકથી ચાલુ




રાજકોટ,તા.૧૯

રાજકોટ શહેરના યાજ્ઞિક રોડ ઉપર આવેલ રમકડાની જાણીતી પેઢી સિમંધરની ત્રણ દુકાનો, ગોડાઉન અને વેપારીનાં ઘર ઉપર ગઈકાલ સાંજથી રાજકોટ જીએસટી વિભાગે, તપાસ હાથ ધરી છે. અને આજે સતત બીજા દિવસે પણ તપાસ ચાલુ હોવાનું જીએસટી વિભાગના સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નાતાલ-ક્રિસમસના તહેવારો હવે સાવ નજીક આવી ગયા છે અને આવા સમયે ગિફટસ આર્ટીકલ્સ તથા ટોયઝની પેઢીઓમાં ખૂબજ ગ્રાહકી હોય છે. ત્યારે ગત સાંજથી રાજકોટ જીએસટી વિભાગ (૧૦)ની ટીમો જે.સી. હિતેશ ચલુની આગેવાનીમાં ઉપરોકત રમકડા પેઢી ઉપર ત્રાટકી છે.

સિમંધરની યાજ્ઞિક રોડ, ભકિતનગર સદર્કલ, તથા સાધુ વાસવાણી રોડની દુકાનો અને તેના ગોડાઉન તથા વેપારીનાં ઘર ઉપર પણ કરચોરી અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જીએસટી વિભાગનાં સૂત્રો અનુસાર ઉપરોકત પેઢીમાં સ્ટોક ડિફરન્સ અને ખરીદ વેચાણ કઈ રીતે કરાયું? તે અંગે તપાસ ચાલી રહી છે. જો સ્ટોક ડિફરન્સ મળશે. કે કાચી ચિઠ્ઠી ઉપર ખરીદ-વેંચાણના વ્યવહારો મળશે તો તંત્ર દ્વારા વેપારી પાસેથી વસુલવાનો થતો જીએસટી વસુલાશે.

# રામ જન્મભૂમિ-‘માઁ શબરી સ્મૃતિયાત્રા યોજના’ અંતર્ગત અયોધ્યા દર્શનનું આયોજન

## રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦૦૦ની પ્રોત્સાહક આર્થિક સહાય અપાશે

રાજકોટઃ રાજ્યના યાત્રાળુઓ ભગવાન શ્રી રામના દર્શન કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા શ્રી રામ જન્મભૂમિ - મા શબરી સ્મૃતિ યાત્રા યોજના અંતર્ગત અયોધ્યા દર્શનનો લાભ લેવા ખાસ આયોજન કરાયું છે. અયોધ્યા દર્શનનો લાભ લેવા ઈચ્છુક યાત્રાળુઓ તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં ઓનલાઈન https://yatradham. gujarat. gov.in/SRJA pplicant Registration વેબસાઈટ પર રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

ગુજરાત રાજ્યની અનુસૂચિત જનજાતિ - વનવાસી પ્રજા તેમજ અન્ય નાગરીકો માટે ‘‘શ્રી રામ જન્મભૂમિ, અયોધ્યા‘‘ ખાતે ભગવાન ‘‘શ્રી રામ‘‘ના દર્શન કરવાની શ્રેષ્ઠ તક ઉપલબ્ધ કરવા રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦૦૦ની પ્રોત્સાહક આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે.આ યોજનાનો લાભ ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં ૧૨ વર્ષ કે તેથી વધુ વયના અનુસૂચિત જનજાતિ-વનવાસી અથવા દરેક વર્ગના નાગરિકોને પોતાના જીવન કાળમાં ફકત એક વાર લાભ લઈ શકે છે. ચાલુ નાણાંકીય વર્ષમાં ગુજરાતમાં વસતાં તમામ જાતિ અને વર્ગના કુલ ૧૦,૦૦૦ યાત્રાળુઓ આ સહાયનો લાભ લઈ શકે છે.

આ યોજનાનો લાભ લેવા યાત્રાળુઓએ કરેલ અરજીમાં યાત્રાની તારીખ, યાત્રાળુઓની સંખ્યા, યાત્રાની શરૂઆત તથા પૂર્ણ થયાનું સ્થળ, અરજી તારીખ, અરજી કરનારની સહી. ફોન/ મોબાઈલ નંબર,- (ઉપલબ્ધ હોય તો) તેની સ્પષ્ટતા કરવાની રહેશે. અરજી સાથે પુરાવા તરીકે આધારકાર્ડ, ખરાઈ કરેલ જાતિ પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, બેંકની ડિટેલ (પાસબુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ)ની ‘‘સ્વપ્રમાણિત નકલ જોડવાની રહેશે.

# ૩ કરોડના જમીન કૌભાંડમાં મુખ્ય આરોપીની ધરપકડ

## ગાંધીનગર ફ્રોડ સેલ દ્વારા સુરેશ ધોરીને ૧૪ દિવસના રિમાન્ડ માંગ સાથે ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા




રાજકોટઃ મવડી વિસ્તારમાં રહેતા એસ્ટેટ બ્રોકર ભાગીદારો સાથે જમીનમાં કમિશન અપાવવાના બહાને ૩ કરોડની ઠગાઈ કર્યાના બનાવમાં ૪ સ્વામી સહિતની ટોળકી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. જેમાં ગાંધીનગરની ફ્રોડ સેલના પી.આઈ.એ. તા.૧૭. ૧૨.૨૦૨૪ના રોજ સુરતના સુરેશ ઘોરીની ધરપકડ કરી મુખ્ય આરોપી તરીકે રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ૧૪ દિવસના રિમાન્ડની માંગ સાથે રજૂ કરવામાં આવતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જેને લઇ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


મવડીના નવલનગરમાં રહેતા અને ભક્તિનગર સર્કલ પાસેના મેઘાણી રંગભુવનમાં ઓફ્સિ ધરાવતા જસ્મીન બાલાશંકર માઢક અને જય મોલિયા નામના એસ્ટેટબ્રોકર ભાગીદારો સાથે ધોરાજીના ઝાલણસરના વિજયપ્રકાશ સ્વામી ઉર્ફે લી. પી. સ્વામી, જૂનાગઢના જયકૃષ્ણ સ્વામી ઉર્ફે જે. કે. સ્વામી, અંકલેશ્વર પાનોલીના માધવપ્રિય સ્વામી ઉર્ફે એમ. પી. સ્વામી, આણંદના દેવપ્રકાશ સ્વામી ઉર્ફે દેવપ્રીય સ્વામી, સુરતના લાલજી બાવભાઈ ઢોલા, સુરતના સુરેશ ધોરી, ભૂપેન્દ્ર પટેલ, વિજયસિંહ આલુસિંહ ચૌહાણ સહિતની ટોળકી દ્વારા લિંબ ગામે પોઈચા જેવું મંદિર અને ગૌશાળા બનાવવા માટે જમીન ખરીદવાના બહાને રૂ.૩.૦૪ કરોડની ઠગાઈ કરવામાં આવી હોવાની ફરિયાદ જસ્મિન માઢકે નોંધાવતા પોલીસે ચીટર ટોળકી સામે ગુનો નોંધ્યો હતો.

ફરિયાદી અને ખેડૂતો તથા સ્વામીઓ વચ્ચે અસરકારક રીતે મધ્યસ્થી કરનાર સહઆરોપી સુરેશ તુલસીભાઈ ઘોરીની લાંબા સમય બાદ ધરપકડ થતા કોર્ટ સમક્ષ સરકાર તરફે રજૂઆત કરવામાં આવી હતી કે, ધરપકડ કરવામાં આવેલા લાલજી ઢોલા, ભુપેન્દ્ર પટેલ, વિજયસિંહ ચૌહાણ, જે. કે. સ્વામી અને વી.પી. સ્વામી નાઓની પણ ધરપકડ થયેલ છે પરંતુ, આ ૩ કરોડની માતબર રકમ કોની પાસે છે તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી.

પ્રોસિક્યુશન તરફે આ સંજોગોમાં દલીલ કરવામાં આવી કે, આજરોજ રજૂ થયેલા આરોપી સુરેશ ઘોરી પાસેથી આ રકમ મળી આવવાની અથવા તો આ રકમ કોની પાસે છે? તે જણાઈ આવવાની પૂરેપૂરી શક્યતા છે. તેથી, તેઓને ૧૪ દિવસના પોલીસ રીમાન્ડ માંગવામાં આવેલ હતા. બંને પક્ષકારોની દલીલો સાંભળી પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ ગોહીલ સાહેબએ મુખ્ય આરોપી તરીકે રજુ થયેલ સુરેશ ઘોરીને ૧૦ દિવસના પોલીસ રીમાન્ડ પર સોંપવામાં આવેલ છે. આ કેસમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરા એ રજૂઆતો કરેલ હતી.મવડી વિસ્તારમાં રહેતા એસ્ટેટ બ્રોકર ભાગીદારો સાથે જમીનમાં કમિશન અપાવવાના બહાને ૩ કરોડની ઠગાઈ કર્યાના બનાવમાં ૪ સ્વામી સહિતની ટોળકી વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો. જેમાં ગાંધીનગરની ફ્રોડ સેલના પી.આઈ.એ. તા.૧૭. ૧૨.૨૦૨૪ના રોજ સુરતના સુરેશ ઘોરીની ધરપકડ કરી મુખ્ય આરોપી તરીકે રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં ૧૪ દિવસના રિમાન્ડની માંગ સાથે રજૂ કરવામાં આવતા કોર્ટે ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. જેને લઇ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સરકારી અધિકારીઓ-કર્મચારીઓ માટે સાયબર સિક્યોરિટી અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

## હેકર્સ દ્વારા સાયબર થ્રેટ્સથી બચવા સાવચેતીના પગલાં અંગે માહિતગાર કરાયા






રાજકોટ તા.૧૯

રાજકોટ કલેક્ટર કચેરીના સહયોગથી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નિયામક આઈ.સી.ટી. અને ઈ-ગવર્નન્સ દ્વારા સરકારી અધિકારીઓ, કર્મચારીઓ માટે સાયબર સિક્યોરિટી અંગે પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ ખાતે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેશનમાં દીપેન દલસાણીયા અને ભૂમિ ડાંગર દ્વારા સાયબર સિક્યોરિટી વિશે સમજણ, સાયબર એટેકના વિવિધ પ્રકારો, સાયબર થ્રેટ્સ અને થ્રેટ્સના સ્રોતો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, આ પ્રકારના એટેકથી બચવા માટેનાં ઉપાયો, જેમ કે ડેસ્કટોપ સુરક્ષા, ઈ-મેઈલ સુરક્ષા અને પાસવર્ડ સુરક્ષા સહિતના મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને હેકર્સ દ્વારા વાયરસ, માલવેર ફિશિંગ સ્ફૂફિંગ લિંક્સનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેમાં અજાણી લિંક્સ કે સોફ્ટવૅર દ્વારા વાઈરસ ઈન્જેક્ટ કરવામાં આવે છે. જે ડેટા સિક્યોરિટી માટે નુકશાનકારક હોય છે તેમજ મહત્વના ડેટા થેફ્ટ કરવામાં આવે છે. આ ઉપરાંત સોશિયલ મીડિયાના માધ્યમથી તેમજ એ.આઈ. ટેકનેલોજીના ઉપયોગથી ડીપ ફેકનો શિકાર બની શકે છે, કેટલાક કિસ્સામાં ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરવામાં આવતું હોઈ છે.

આ પ્રકારે થતા એટેક્સથી બચવા અજાણી લિંક કે મેસેજ પર ભરોસો ન કરવો, તેમજ ઓપન ન કરવા, કોમ્પ્યુટરમાં એન્ટી વાઈરસ સોફ્ટવેર સતત અપડેટ કરવા, પેન ડ્રાઈવ સ્કેન કરીને જ ઉપયોગમાં લેવા, ઓથોરાઇઝ સોર્સ પરથી જ સોફ્ટવેર કે એપ ઈન્સ્ટોલ કરવા તેમજ પાસવર્ડ મજબૂત રાખવા અને સતત બદલાવતા રહેવા સહિતના ઉપયોગી સૂચનો તજજ્ઞ દ્વારા કરવામાં આવ્યા હતાં.કલેકટર ઓફિસ રાજકોટના આઈ.સી.ટી. અધિકારીઓ સર્વેશ્રી નમ્રતા નથવાણી, હાર્દિક નારિયા દ્વારા સત્રનું સંચાલન કરવામાં આવ્યું હતું જયારે સમગ્ર આયોજન નાયબ નિયામક ડૉ દેવેન પંડ્યા તથા મદદનીશ નિયામક સંજય ભાભોરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામમાં રાજકોટ શહેર, જિલ્લાના વિવિધ સરકારી વિભાગના અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# પાત્ર ન હોય તેવા લોકોના કાર્ડ બન્યાના કૌભાંડ વચ્ચે

# ગુજરાતમાં પાંચ વર્ષમાં 47.41 લાખ દર્દીઓએ PMJAYમાં સારવાર મેળવી

## સૌથી વધુ લાભાર્થીની સંખ્યામાં ગુજરાત ૭માં ક્રમે

ગાંધીનગર,તા.૧૮

અમદાવાદમાં પાત્રતા ન હોય છતાં પીએમજેએવાય- આયુષ્યમાન કાર્ડ બનાવી સરકારી યોજનાને લેભાગુ તત્વોએ રૂપિયા કમાવવાનું સાધન બનાવી દીધુ હોવાનું કૌભાંડ બહાર આવ્યું છે.

બીજી તરફ ૨૦૧૯-૨૦થી ૨૦૨૩-૨૪ સુધી આયુષ્યમાન ભારત-પીએમ જેએવાય યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધી ૪૭,૪૧,૭૧૫ દર્દીએ સારવારનો લાભ લીધો છે. પીએમજેએવાય યોજનાનો લાભ લેવામાં ગુજરાત દેશમાં સાતમાં નબરે છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પીએમજેએવાય યોજનાને લઈને જે કૌભાંડ પકડી પાડયું છે તે દેશમાં અન્યત્ર સ્થળોએ પણ આવું કૌભાંડ ચાલતું હોવાની આશંકા નકારી શકાતી નથી. દરમિયાન રાજયસભામાં ૧૭ ડીસેમ્બરે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયે એક સવાલના જવાબમાં આંકડા જારી કર્યા છે.

તે મુજબ, આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી-જન આરોગ્ય યોજનામાં (એબી-પીએમજેએવાય) જે દેશના ૧૨.૩૭ કરોડ પરિવારના ૫૫ કરોડ લાભાર્થીનો સમાવેશ થયો છે. ૩૦ નવેમ્બર-૨૦૨૪ સુધી ૨૯,૯૨૯ હોસ્પિટલ દેશમાં યોજના હેઠળ એમ્પેનલ્ડ થયેલી છે. કેટલાક રાજયોમાં પીએમજેએવાય યોજના હેઠળ સારવાર લીધી હોય તેવા દર્દીઓની સંખ્યા ૯૬ લાખ સુધીની છે. તો




ગુજરાતમાં ૪૭.૪૧ લાખ દર્દીએ છેલ્લા પાંચ વર્ષમાં પીએમજેએવાય યોજનાનો લાભ લીધો છે. વર્ષે સરેરાશ ૯,૪૮,૩૪૩ જેટલા દર્દી પીએમજેએવાય યોજનાનો લાભ લઈને રાજયની સરકારી ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવતા હોય છે.

તે સંજોગોમાં મોટાભાગના દર્દીઓ જેન્યુઈન હોવાની સંભાવના મહતમ હોવા છતાં તેમાંથી કેટલા દર્દીઓ પાત્રતા ધરાવતા નહી હોય છતા કાર્ડ મેળવી સરકારની ઉદાર યોજનાનો ગેરલાભ લીધો હશે તે વ્યાપક અને ઉંડી તપાસનો વિષય છે.

## ૫ મિનિટમાં ક્રાઈમ બ્રાન્ચના JCPનું PMJAY કાર્ડ બનાવ્યુંઃ સરકારી વેબસાઇટમાં છેડછાડ કરી બોગસ આયુષ્યમાનકાર્ડ કાઢતા, આરોપીઓના ૩ દિવસના રિમાન્ડ

અમદાવાદઃ દેશના નાગરિકોને સરકારી યોજનાનો સરળતાથી લાભ મળી રહે એ માટે વિવિધ યોજનાનાં કાર્ડ બનાવી આપવામાં આવે છે. ખ્યાતિકાંડ મામલે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં બોગસ આયુષ્યમાનકાર્ડ બનાવી સરકારને ચૂનો ચોપડવાના કૌભાંડનો પણ પર્દાફાશ થયો છે, જેમાં ભેજાબાજો સરકારી વેબસાઈટ પર છેડછાડ કરી માત્ર ૧૫ મિનિટમાં જ લોકોનાં બોગસ આયુષ્યમાનકાર્ડ બનાવતા હતા. આ કૌભાંડમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે છ આરોપીને ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા તેમને અમદાવાદ મેટ્રો કોર્ટમાં ૧૪ દિવસના રિમાન્ડ માટે રજૂ કર્યા હતા. જ્યાં રજૂઆતને અંતે મેટ્રો કોર્ટે આરોપીઓના શનિવાર બપોરે ૩ વાગ્યા સુધીના એટલે કે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. આ આરોપીઓમાં અમદાવાદનો નિમેશ ડોડિયા, મોહમ્મદ ફઝલ શેખ, મોહમ્મદ અશપાક શેખ, ભાવનગરના ઈમ્તિયાઝ હવેઝ અને નરેન્દ્રસિંહ ગોહિલ, જ્યારે સુરતના ઈમરાન કારીગરનો સમાવેશ થાય છે. હાલ દેશમાં મોટા ભાગના લોકો ડખઉંઅઢ કાર્ડ મેળવવા માટે પ્રયાસ કરતા હોય છે તેમજ અન્ય કાર્ડ મેળવવા માટે એજન્ટોનો સંપર્ક કરતા હોય છે, ત્યારે આ એજન્ટોને મદદ કરનારા લોકો આઉટસોર્સિંગ વેબસાઈટના કેટલાક મળતિયાઓની મદદથી ડેટા એડિટ કરીને રૂપિયા ૮૦૦થી ૨૦૦૦ લઈને તેઓ કાર્ડ બનાવી દેતા હતા. આ કૌભાંડમાં એવા લોકોને ટાર્ગેટ કરવામાં આવતા હતા, જેમની પાસે સમય નથી.

# પોલીસના વહીવટદારો ચેતી જજો!

## હવે પોલીસના વહીવટદારોનું મોનેટરીંગ કરશે નિર્લિપ્ત રોય

રાજ્ય પોલીસ વડા દ્વારા વહીટવદારની જિલ્લા બહાર બદલી કરવા મામલે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ સાથે જ વહીવટદારની મિલકત અંગેની પણ તપાસ કરવામાં આવશે. રાજ્યના પોલીસ વડાએ સ્ટેટ મોનીટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયને તપાસ સોપી છે. નજીકના દિવસોમાં વહીવટદારોની મિલકતો અંગેની ચોકાવનારી માહિતીઓ સામે આવી શકશે. સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયને વહીવટદારોની જિલ્લા બહાર બદલી અને તેમને વસાવેલી સંપત્તિની તપાસ સોપવામાં આવી છે. રાજ્ય પોલીસ વડાએ રાજ્યના પોલીસ વિભાગમાં વહીવટદારોની સંપત્તિની માહિતી એકઠી કરવા સ્ટેટ મોનિટરિંગ સેલને હુકમ કર્યો છે. વહીવટદારોની જે જિલ્લામાં બદલી કરવામાં આવી છે ત્યાંના એસપી પાસે આ માહિતી માગી વધુ તપાસ કરવામાં આવશે. પોલીસ વિભાગમાં વહીવટદારોની જે જિલ્લામાં બદલી કરવામાં આવી છે ત્યાંના અધિકારીઓ પાસે સ્થાવર કે જંગમ મિલકતની માહિતી સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાયે મંગાવી છે. આ સાથે જ તેમના ડીમેટ એકાઉન્ટ, લોકર સહિતની મિલકતની પણ તપાસ શરૂ કરવામાં આવી છે. આવક કરતા વધુ મિલકત પોતાના કે પરિવારના નામે વસાવી હશે તો સ્કુટીની કરીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગુજરાત પોલીસમાં વહીવટદારોનું રાજ જોવા મળે છે જેમાં પોલીસ અધિકારીઓનો વહીવટ કોન્સ્ટેબલ લેવલના પોલીસ કર્મીઓ કરતા હોય છે. અમદાવાદમાં ૧૩ વહીવટદારોની જિલ્લા બહાર બદલી કરવામાં આવી હતી. જિલ્લામાં સજાના ભાગે બદલી કરવામાં આવે છે.અમદાવાદના વહીવટદારોને તાપી, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, કચ્છ, જામનગર, નર્મદા, બોટાદ, દ્વારકા, રાજકોટ ગ્રામ્ય, મહિસાગર જિલ્લામાં મુકવામાં આવ્યા હતા.



## ૫૪ પ્લોટની હરરાજીમાં ડિપોઝીટ પેટે ૫૦ હજાર રૂપિયાના ચેકના બદલે રોકડમાં રકમ લેવાઈ ત્યારે જ દાળમાં કાળું હોવાની શંકા ગયેલી

# મિતાણા ગામે થયેલી શંકાસ્પદ પ્લોટની હરરાજીનો મામલોઃ ગ્રામજનોની જાણ બહાર પ્લોટ હરાજી વગર જ ફાળવી દેવાયા

**ટંકારાના મિતાણા ગામે પંચાયતી ધારાનો ભંગ કરી પ્લોટની હરરાજીમાં ડિપોઝીટ પેટે ૫૦ હજાર રૂપિયાના ચેકના બદલે રોકડમાં રકમ લેવાઈ છે. અરજદારના જણાવ્યા અનુસાર પણ લાગતાવળગતાને પ્લોટ ફાળવી દેવા આ કારસ્તાન આચરવામાં આવ્યું છે. ચેકના બદલે રોકડમાં વ્યવહાર કરવા પાછળ સરપંચ, તલાટી મંત્રી, ટીડીઓ સહિતનાઓની સંડોવણી હોવાની આશંકા પણ સેવાઈ રહી છે**

મિતાણામાં લાગતા વળગતાને પ્લોટ ફાળવી લાભ ખટાવવાનું કારસ્તાન આચરવામાં આવ્યું હોવાનું ઉપરાંત આ કારસ્તાનમાં સરપંચ, તલાટી મંત્રી, ટીડીઓ સહિતનાઓની સંડોવણી હોવાની આશંકા સાથેનો અહેવાલ મીડીયામાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો ત્યારબાદ મિતાણા ગામના રહીશે મિડીયાનો સંપર્ક કરી ચોંકાવનારી વિગતો જણાવી હતી.

સુરેશભાઈ પારધી નામના એક વ્યક્તિએ મિડીયાને જણાવ્યું હતું કે, તેઓ મિતાણા ગામના રહીશ છે. તેમનો પરિવાર વર્ષોથી મિતાણા ગામમાં રહે છે. તેઓ પાસે મિતાણા ગામમાં ઘરનું ઘર ન હોય વખતો વખત પ્લોટ ફાળવવા જિલ્લા વિકાસ અધિકારીને રજૂઆત કરી છે છતાં તેઓને પ્લોટ ફાળવાતો નથી અને હરરાજીની જાણ પણ કરવામાં આવતી નથી. આમ અરજદાર સાથે સ્પષ્ટ અન્યાય થઈ રહ્યો હોવાનું દર્શાઈ આવે છે.

હાલમાં પણ મોરબી નજીક આવેલા ટંકારાના મિતાણા ગામે પંચાયતી ધારાનો ભંગ કરી પ્લોટની હરરાજીમાં ડિપોઝીટ પેટે ૫૦ હજાર રૂપિયાના ચેકના બદલે રોકડમાં રકમ લેવાઈ છે. અરજદારના જણાવ્યા અનુસાર પણ લાગતાવળગતાને પ્લોટ ફાળવી દેવા આ કારસ્તાન આચરવામાં આવ્યું છે. ચેકના બદલે રોકડમાં વ્યવહાર કરવા પાછળ સરપંચ, તલાટી મંત્રી, ટીડીઓ સહિતનાઓની સંડોવણી હોવાની આશંકા પણ સેવાઈ રહી છે.ઉલ્લેખનીય છે કે, હાલમાં જ મિતાણા ગામે ૫૪ પ્લોટની હરરાજી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

જે હરરાજીમાં પ્લોટ લેવા ઈચ્છતા અરજદાર પાસેથી ડિપોઝીટ પેટે ૫૦ હજાર રૂપિયાના ચેકના બદલે રોકડમાં રકમ લેવાઈ છે જેનો સ્વીકાર ખુદ તલાટી મંત્રીએ કર્યો છે. આ ઘટના બાદ જ દાળમાં કંઈક કાળું હોવાની વાત ધ્યાનમાં આવી હતી ત્યાં જ મીડીયાના અહેવાલ બાદ મિતાણાના અરજદાર દ્વારા સ્ફોટક વિગતો જાણવા મળી છે.

ॐकारा

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**શરીર દરેક પરિસ્થિતિમાં અનુકૂળ થતું હોય છે...પણ માણસ મનથી પરિસ્થિતિને સ્વીકારતો નથી, એટલે તેને આકરું લાગે છે... કર્મો પ્રત્યે સદા સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**


RAVI ENGLISH INSTITUTE ®
Ravi ENGLISH INSTITUTE
SINCE 2003
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીંગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM
TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline



Magnificent
4 BHK Flats & Penthouses

KALAVID

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062